પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૫-૧૧-૨૦૨૫-શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૯૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11




## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુરત એરપોર્ટ તથા નિયોલ હેલીપેડ ખાતે ઉષ્માપુર્ણ સ્વાગત

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુરત આગમન

## નર્મદા જિલ્લામાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

**સુરત, તા.૧૫**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આજરોજ નર્મદા જિલ્લામાં જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદી આજે સવારે સુરત એરપોર્ટ પર ખાસ વિમાન દ્વારા આવી પહોંચ્યા હતા. અને એરપોર્ટથી સીધા પલસાણા તાલુકાના અંત્રોલી ખાતેના બુલેટ ટ્રેન પ્રોજેક્ટને નિહાળવા પહોંચ્યા હતા.

ગાંધીનગર, ૧૪ નવેમ્બર, ૨૦૨૫: જનજાતીય નાયકોના શૌર્ય અને અમૂલ્ય યોગદાનને સન્માનિત કરવા માટે સમગ્ર દેશમાં જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણી થઇ રહી છે. આજે ૧૫ નવેમ્બર ૨૦૨૫ના દિવસે કેન્દ્ર સરકાર દ્વારા ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગુજરાતના નર્મદા જિલ્લા ખાતે જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. નર્મદાના ડેડિયાપાડા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કેન્દ્ર તથા રાજ્ય સરકારના ?૯૭૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ભેટ આપવામાં આવશે.

આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા અર્ચના કરીને આશીર્વાદ લેશે. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. વડાપ્રધાનશ્રીની મુલાકાત દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના આદિજાતિ કલાકારો પરંપરાગત પરિવેશમાં તેમનું સ્વાગત કરશે.

ગુજરાતની વિકાસયાત્રાને મજબૂત બનાવવા માટે આ ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકાર તરફથી ૭૬૬૭ કરોડ અને રાજ્ય સરકાર તરફથી ૨૧૧૨ કરોડના વિકાસકાર્યોની ભેટ આપવામાં આવશે. આ દિવસે સાંજના સમયે ધરતી આબા ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત એક વિશેષ નાટ્ય પ્રસ્તૂતિનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવ્યું છે. આ ઉજવણીનું જીવંત પ્રસારણ રાજ્યના આદિજાતિ જિલ્લાના ૨૩ તાલુકાઓમાં કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રી સભાને સંબોધિત પણ કરશે.

## શ્રીનગરના પોલીસ મથકમાં પ્રચંડ ધડાકામાં ૯નાં મોત

### નૌગામા પોલીસ મથકમાં ફરિદાબાદમાંથી પકડાયેલા એમોનિયમ નાઈટ્રેટનું ચેકીંગ ચાલતુ હતું ત્યાંજ એકાએક ધડાકા થયા : ૩૨ લોકો ઘાયલ


**શ્રીનગર, તા. ૧૫**

ફરીદાબાદ-ગુજરાતમાંથી પકડાયેલા મોતના સામાન તથા દિલ્હી બ્લાસ્ટનાં પડઘા હજુ થમ્યા નથી ત્યાં કાશ્મીરનાં શ્રીનગરમાં નૌગામ પોલીસ સ્ટેશનમાં આકસ્મિક પ્રચંડ વિસ્ફોટ થતા પોલીસ ઈન્સ્પેકટર સહીત ૯ લોકોના મોત નીપજયા હતા. જયારે ૩૨ લોકો ઘાયલ થયા હતા.ફરીદાબાદમાંથી પકડાયેલા એમોનીયા નાઈટ્રેટની ચકાસણી કરવામાં આવી રહી હતી ત્યારે એકાએક ભયાનક ધડાકા શરૂ થઈ ગયા હતા.પોલીસ સ્ટેશન સંકુલ તથા આસપાસ પડેલા વાહનો પણ આગની લપેટમાં આવી ગયા હતા.

સુરક્ષા સુત્રોએ કહ્યું કે, તાજેતરમાં કાશ્મીર પોલીસે પકડાયેલા ષડયંત્ર અંતર્ગત ફરિદાબાદમાંથી ૨૯૪૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કરવામાં આવ્યુ હતું અને શ્રીનગરનાં નૌસેના પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યુ હતું. ગઈરાત્રે સરકારી તંત્ર દ્વારા તેનું ચેકીગ કરવામાં આવ્યુ હતું અને તે દરમ્યાન એકાએક ભયાનક વિસ્ફોટ શરૂ થઈ ગયા હતા.આ આકસ્મિક વિસ્ફોટ વખતે પોલીસ ઉપરાંત એફએસએલ તથા રેવન્યુ અધિકારીઓ સહીત ૫૦ જેટલા લોકોનો સરકારી સ્ટાફ મૌજુદ હતો.ફોટાગ્રાફી તથા વીડીયોગ્રાફી પણ કરવામાં આવી હતી. એટલે ફોટોગ્રાફર-વિડીયોગ્રાફી પણ મૌજુદ હતા. ૯ લોકોના મોત નીપજવા ઉપરાંત ૩૨ ઘાયલ થયા હતા. જેઓને સારવાર માટે જુદી જુદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ફરીદાબાદમાંથી પકડાયેલ વિસ્ફોટકોમાંથી ૩૬૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ એફએસએલ લેબમાં મોકલાયુ હતું. જયારે બાકીનો જથ્થો નૌગામ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યુ હતું તેમાં આ વિસ્ફોટ

અનુસંધાન પાના ૭ પર



### સતત એક કલાક સુધી એક પછી એક બોમ્બ ધડાકા

**નવી દિલ્હી, તા. ૧૫**

સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર આ વિસ્ફોટની તીવ્રતા એટલી ખતરનાક હતી કે ધૂમાડાના ગોટેગોટા આકાશમાં ઊડ્યા હતા. એના પછી એક પછી એક નાના-મોટા વિસ્ફોટને કારણે રાહત

અનુસંધાન પાના ૭ પર

### દિલ્હી કાર બોમ્બ ધડાકા કેસમાં

## અલ-ફલાહ યુનિ.ના તબીબી શાખાના વિદ્યાર્થીની ધરપકડ

### પશ્ચિમ બંગાળ પોલીસ અને એનઆઈએની સંયુક્ત તપાસમાં નિસાર આલમનું નામ ખુલ્યું

**કોલકાતા, તા. ૧૫**

કોલકાતા. પશ્ચિમ બંગાળ પોલીસ સાથે સંયુક્ત કાર્યવાહીમાં, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) ના અધિકારીઓએ દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક કાર બોમ્બ વિસ્ફોટના સંદર્ભમાં પશ્ચિમ બંગાળના ઉત્તર દિનાજપુર જિલ્લાના દાલખોલાથી ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીના MBBS વિદ્યાર્થીની ધરપકડ કરી. રાજ્ય પોલીસ સૂત્રોએ શનિવારે આ માહિતી આપી. ધરપકડ કરાયેલ વિદ્યાર્થીની ઓળખ નિસાર આલમ તરીકે થઈ છે. તે અને તેના પરિવારના સભ્યો લાંબા સમયથી પંજાબના લુધિયાણામાં રહે છે. જોકે, તેનું પૈતૃક ઘર દાલખોલામાં છે. અહેવાલો અનુસાર, તે આ અઠવાડિયાની શરૂઆતમાં તેની માતા અને બહેન સાથે એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે દાલખોલા આવ્યો હતો. ફ્રેંછ અધિકારીઓએ આલમના મોબાઈલ ટાવર સ્થાનને ટ્રેક કર્યું, અને ત્યારબાદ કેન્દ્રીય ગુપ્તચર એજન્સીના અધિકારીઓ શુક્રવારે દાલખોલા પહોંચ્યા અને તેની ધરપકડ કરી.ધરપકડ બાદ, આલમને સ્થાનિક ઈસ્લામપુર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. સ્ટેશન પર થોડા કલાકોની પૂછપરછ પછી, આરોપીને દાર્જિલિંગ જિલ્લાના સિલિગુડી લઈ જવામાં આવ્યો. શનિવારે સવારે મળેલી માહિતી મુજબ, NIA અધિકારીઓ તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર દિલ્હી લાવી શકે છે.

અનુસંધાન પાના ૭ પર



## દિલ્હી-એનસીઆરમાં હવાના પ્રદૂષણમાં તિવ્ર વધારો થયો

### હવાની ગુણવત્તા ખૂબ જ ખરાબ થી ગંભીર સુધી પહોંચી ગઇ

**નવી દિલ્હી, તા. ૧૫**

દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર (એનસીઆર) ફરી એકવાર તીવ્ર પ્રદૂષણથી ઘેરાયેલા છે. શનિવારે સવારે પણ, હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' થી 'ગંભીર' શ્રેણીમાં રહી. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે આખો પ્રદેશ ધીમે ધીમે 'ગેસ ચેમ્બર'માં ફેરવાઈ રહ્યો છે. હવા ગુણવત્તા સૂચકાંક (AQI) ૫૦૦ સુધી પહોંચવાની તૈયારીમાં છે, જે ઉચ્ચતમ પ્રદૂષણ સ્તર દર્શાવે છે. અહેવાલો અનુસાર, એનસીઆરના વિવિધ શહેરોમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક છે. ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ, લોની, સંજય નગર અને વસુંધરા જેવા વિસ્તારોમાં હવાની ગુણવત્તા 'ગંભીર' શ્રેણીમાં નોંધાઈ છે. તેવી જ રીતે, નોઈડાના સેક્ટર ૧૧૬ માં AQI ૪૧૩ પર પહોંચ્યો છે, જે 'ગંભીર' શ્રેણીમાં આવે છે.

સેક્ટર ૧૨૫, સેક્ટર ૬૨ અને સેક્ટર ૧ જેવા અન્ય વિસ્તારોમાં પણ હવાની ગુણવત્તા 'ખૂબ જ ખરાબ' અને 'ગંભીર' વચ્ચે નોંધાઈ છે. ગ્રેટર નોઈડામાં પણ પરિસ્થિતિ સારી નથી, જ્યાં નોલેજ પાર્ક III અને નોલેજ પાર્ક ૬ વિસ્તારોમાં હવાની ગુણવત્તા ગંભીર રહે છે.

અનુસંધાન પાના ૭ પર

### રાંચીમાં બેકાબુ કાર ડેમમાં ખાબકતાં 3 પોલીસનાં મોત

**રાંચી, તા. ૧૫**

રાંચી. શુક્રવારે મોડી રાત્રે રાંચીમાં એક કાર કાબુ ગુમાવીને ધ્રુવા ડેમમાં ખાબકી જતાં ત્રણ પોલીસકર્મીઓના મોત થયા હતા. શનિવારે સવારે સ્થાનિક લોકોએ ડેમમાં કાર જોઈ અને પોલીસને જાણ કરી, જેના કારણે બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી. કારને બહાર કાઢીને મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા. મૃતકોમાં જમશેદપુરના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજના બે અંગરક્ષક ઉપેન્દ્ર કુમાર સિંહ અને રોબિન કુજુરનો સમાવેશ થાય છે. ત્રીજો મૃતદેહ એક સરકારી ડ્રાઇવરનો છે, જેની ઓળખ ચાલુ છે. પોલીસે ઘટનાસ્થળેથી બે હથિયારો પણ જપ્ત કર્યા છે. કારને પણ ખરાબ રીતે નુકસાન થયું હતું. રાત્રે અકસ્માત ક્યારે થયો તે કોઈને ખબર નથી. એવી શંકા છે કે કાર ખૂબ જ ઝડપે ચાલી રહી હશે, જેના કારણે તે સીધી ડેમમાં ખાબકી ગઈ. કારમાં સવાર લોકો ભાગી શક્યા ન હતા, અને ત્રણેયના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

## ટ્રમ્પનો વધુ એક યુ-ટર્નઃ કોફી અને ફળોની આયાત ડયુટીમાં ઘટાડો

### ખાદ્ય ચીજોની આયાત પર ટેરિફ ઘટતા ભારતને પણ ફાયદો થશે

**ન્યુયોર્ક, તા. ૧૫**

પોતાના ટેરિફ બોમ્બથી વિશ્વભરમાં હંગામો મચાવનારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે યુ-ટર્ન લીધો છે. હકીકતમાં, યુએસ પ્રમુખે ખાદ્ય આયાત પર ટેરિફ ઘટાડી દીધા છે. ચાલો જાણીએ કે આની ભારત પર કેવી અસર પડશે. ટ્રમ્પનો આ નિર્ણય ફુગાવાને નિયંત્રિત કરવા અને સામાન્ય જનતાને રાહત આપવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો હતો. ભારતને પણ આનો ફાયદો થશે.

વ્હાઈટ હાઉસે શુક્રવારે જાહેરાત કરી હતી કે ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાંથી ફળો અને જ્યુસ, ચા અને મસાલા એવી આયાતોમાં શામેલ છે જે પારસ્પરિક ટેરિફને આધિન રહેશે નહીં. વ્હાઈટ હાઉસ ફેક્ટશીટમાં કોફી અને ચા, કોકો, નારંગી, ટામેટાં અને બીફનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટ્રમ્પે ભારતમાંથી આયાત પર ૨૫ ટકા પારસ્પરિક ટેરિફ લાદ્યો હતો. તેમણે રશિયા પાસેથી તેલ ખરીદી પર ૨૫ ટકા દંડાત્મક ડ્યુટી પણ ઉમેરી હતી.ફુગાવાને નિયંત્રિત કરવા માટે ટ્રમ્પે અગાઉ જેનરિક દવાઓ પર ટેરિફ હટાવી હતી.

અનુસંધાન પાના ૭ પર

## ભાજપનું મહિલા-યુવા ફેક્ટર મમતા બેનરજી માટે ચેતવણી

### બિહાર સહિતના રાજ્યોમાં સફળ બનેલી ફોર્મ્યુલા હવે ભાજપ પ.બંગાળની ચુંટણીમાં ઉપયોગ કરશે

**નવી દિલ્હી, તા. ૧૫**

ગઈકાલે બિહાર વિજય બાદ હવે શું તેવા એક પ્રશ્નના જવાબમાં ભાજપના એક વરિષ્ઠ નેતાએ ખૂબજ કુશળતાપુર્વક જવાબ આપ્યો કે અમો એક વિજય બાદ બીજા વિજયની તૈયારીમાં તે જ દિવસથી શરૂ કરી લઈએ છીએ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પણ વિજય માલ્યામાં ખાસ કરીને એપ્રિલ-મે માં યોજાનારી પ.બંગાળ ધારાસભા ચૂંટણી માટેનું રાજયના શાસક મમતા બેનરજી માટે ચેતવણીનું ફાયરીંગ કરી દેતા કહ્યું હતું કે ગંગાનું પાણી બિહારમાંથી બંગાળમાં જાય છે.

૨૦૨૪ બાદ એક માત્ર ઝારખંડને બાદ કરો તો ભાજપે તમામ ધારાસભા ચૂંટણી જીતી છે અને ૨૦૨૯માં જતા પુર્વે તેનો મીડ ટર્મ ટેસ્ટ એ આગામી વર્ષે યોજાનારી પ.બંગાળ, તામિલનાડુ, કેરળ અને ખુદનુ શાસન હોવા છતા આસામ એ સૌથી મોટો પડકાર છે.

જેમાં તે હવે પ.બંગાળમાં મળતા બેનરજીને જીતનો આંકડો મારતા અટકાવવા માંગે છે અને મહત્વનું એ છે કે ૨૦૨૭માં ઉતરપ્રદેશ, પંજાબ જેવા મહત્વના અને ગુજરાત જેવા ગઢ રાજયમાં પક્ષને ધારાસભા ચૂંટણીનો સામનો કરવાનો છે પણ ભાજપએ ૨૦૨૬માં એપ્રિલ-મે માસની ચાર રાજયોની ચુંટણીમાં આસામ જાળવી રાખવા ઉપરાત પ.બંગાળમાં મમતાનો ગઢ

અનુસંધાન પાના ૭ પર

**પ્રતાપ દર્પણ**

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો.નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# અદાણી આસામમાં ઉર્જા ક્ષેત્રે ૬૩૦૦૦ કરોડનું રોકાણ કરશે

**આસામના વિકાસમાં યોગદાન આપવા ચેરમેન ગૌતમ અદાણીનો સંકલ્પ**

સુરત, તા.૧૫

ભારતના ખાનગી ક્ષેત્રનાઅગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉર્જા પ્લેટફોર્મ, અદાણી ગ્રુપની બે પોર્ટફોલિયો કંપનીઓને આસામ સરકાર તરફથી આસામમાં બે પરિવર્તનશીલ પ્રકલ્પો માટે લેટર ઓફ એવોર્ડ (LoA) પ્રાપ્ત થયો છેઃ એક અત્યાધુનિક થર્મલ પાવર પ્લાન્ટ અને એક અગ્રપમ્પ્ડ સ્ટોરેજ સુવિધાનું નિર્માણ કરવા માટે બન્ને મળી રાજ્યમાં રૂ. ૬૩,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

ખાનગી ક્ષેત્રની ભારતની સૌથી મોટી વીજઉત્પાદક અદાણી પાવર લિ. (APL) આસામમાં ૩,૨૦૦ મેગાવોટનો ગ્રીનફિલ્ડ અલ્ટ્રા સુપર ક્રિટિકલ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે રૂ. ૪૮,૦૦૦ કરોડનું રોકાણ કરશે. ઉપરાંત ભારતની સૌથી મોટીનવીનીકરણીયઉર્જા કંપનીઅદાણી ગ્રીન એનર્જીરાજ્યમાં ૨,૭૦૦ મેગાવોટની સંયુક્ત ક્ષમતાવાળા બે પમ્પ્ડ સ્ટોરેજ પ્લાન્ટ (PSP) સ્થાપવા માટે રૂ. ૧૫,૦૦૦ કરોડનું રોકાણ કરવાનો ઈરાદો ધરાવે છે. અદાણીગ્રીનએનર્જીને ૫૦૦ મેગાવોટ ઊર્જાનીસંગ્રહ ક્ષમતાનુંનિર્માણકરવામાટે LoAમળ્યો છેજે આ PSPs પાસેથી પૂરી પાડવામાં આવશે. આ સીમાચિહ્નસમાન પહેલોઅદાણી સમૂહના ભારતના ઉત્તરપૂર્વીય ક્ષેત્રના વ્યૂહાત્મક વિકાસનું લક્ષ્ય દર્શાવે છે.ચાલુવર્ષના ફેબ્રુઆરીમાં અદાણી ગૃપના ચેરમેનગૌતમ અદાણી દ્વારા પ્રદેશના વિકાસ અને વૃદ્ધિમાં રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરવાના જાહેર કરેલા સંકલ્પ સાથે સુસંગત છે. શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતુંકેભારતની વિકાસગાથામાં એક મહત્વપૂર્ણ સીમા તરીકે ઉભરી રહેલાઉત્તર-પૂર્વક્ષેત્રનાપરિવર્તનમાંસહયોગ કરવાનું અમને ગૌરવછે. તેમણે કહ્યુંહતુંકેઆસામમાં અમારા ૩,૨૦૦ મેગાવોટક્ષમતાનાથર્મલ પાવર પ્રકલ્પોઅને ૨,૭૦૦ મેગાવોટના PSP પ્રકલ્પોસંયુક્ત રીતે આ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રના સૌથી મોટા રોકાણ ઉપરાંત ઉર્જા સુરક્ષા, ઔદ્યોગિક વિકાસ અને રોજગારીના સર્જનનીદીશામાં મજબૂત પ્રયાણનું પણ સહિયારુંપ્રતિનિધિત્વ કરે છે. આ પ્રકલ્પો ફક્ત આસામને ઉર્જા જ પૂરી નહી પાડે પરંતુ સમગ્ર ઉત્તરપૂર્વ કોરિડોરની કાયાપલટને ઉત્તેજિત કરશે.



# ચેમ્બર ઓફ કોમર્સના સરસાણા સેમિનાર હોલ-એનું નામકરણ

**સેમિનાર હોલ-એને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ નામ અપાયું**

સુરત, તા.૧૫

સુરત સાર ઈન્ફ્રાકોન અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર કેમ્પસમાં આવેલા સેમિનાર હોલ–A માટે નામકરણ સમારોહ યોજાયો હતો. સેમિનાર હોલ– A ને ઉષાકાંત કંચનલાલ મારફતિયા હોલ તરીકે નામ આપવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઈ.જે. દેસાઈએ મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી આઈ.જે. દેસાઈએ મિત્ર તરીકે ઉષાકાંત કંચનલાલ મારફતિયાની સાથેના પોતાના સંસ્મરણો તાજા કર્યા હતા.

સમારોહ દરમિયાન ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિયા તથા શ્રી આઈ.જે. દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મારફતિયા પરિવારના સભ્યો શ્રીમતી વિભાબેન મારફતિયા અને શ્રી રજનિકાંત મારફતિયાએ પરિવારના વરિષ્ઠ સભ્ય ઉષાકાંત મારફતિયાના

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં મતદાર યાદી સુધારણા બુથ પર બીએલઓ હાજર હશે

**મતદાર યાદી સંદર્ભે બીએલો માર્ગદર્શન આપશે**

સુરત, તા.૧૫

ભારતીય ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર તા.૪ નવે. થી ૪ ડિસે.-૨૦૨૫ દરમિયાન મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં બી.એલ.ઓ. દ્વારા ડોર ટુ ડોર જઈ મતદારોને એન્યુમરેશન ફોર્મની વહેંચણી તેમજ ભરાયેલા ફોર્મ પરત મેળવવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ સમયગાળા દરમિયાન કોઈ મતદાર એન્યુમરેશન ફોર્મ મેળવવા કે પરત આપવામાં બાકી રહી ગયા હોય એમના તા.૧૫/૧૧/૨૫(શનિવાર) અને તા.૧૬/૧૧/૨૫(રવિવાર) તથા તા.૨૨/૧૧/૨૫(શનિવાર) અને તા.૨૩/૧૧/૨૦૨૫(રવિવાર)ના રોજ ખાસ કેમ્પ યોજાશે. જેમાં સુરત જિલ્લાના તમામ બી.એલ.ઓ. સંબંધિત બુથ પર સવારે ૦૯.૦૦ કલાકથી બપોરે ૦૧.૦૦ કલાક સુધી હાજર રહેશે. મતદારો મતદાન મથકની મુલાકાત લઈ બુથ પર હાજર રહેલ બી.એલ.ઓ પાસે પોતાના ફોર્મની વિગતો ભરી પરત કરી શકે છે. મતદારો આ સમય દરમિયાન ᵉᶜᶦની મદદથી મેપિંગ, લિન્કીંગ કરાવી શકશે તથા જે મતદારો અથવા માતા-પિતા/દાદા-દાદીનું નામ વર્ષ ૨૦૦૨ની મતદારયાદીમાં ન હોય તેવા કિસ્સામાં કયા પુરાવા રજૂ કરવા તે અંગે BLO પાસેથી માર્ગદર્શન પણ મેળવી શકશે.

# કામરેજ અને પલસાણામાં વિવિધ રોડ નિર્માણની કામગીરી શરૂ

**નવા રસ્તાથી સ્થાનિક ગ્રામજનો, વાહનોની અવરજવર સરળ અને સુગમ બનશે**

સુરત, તા.૧૫

પંચાયત માર્ગ અને મકાન વિભાગ-સુરત હસ્તકના કામરેજ અને પલસાણા તાલુકાના મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળના વિવિધ રોડ રસ્તાની કામગીરી હાથ ધરાઈ હતી. જેમાં કામરેજ તાલુકામાં રૂ.૧૦.૯૩ કરોડના ખર્ચે તૈયાર થનારા ૧૯.૬૦ કિ.મી. લંબાઈ ધરાવતા રસ્તાથી વલથાણ, માંકણા, વલણ, પાલી, મીરાપુર, ખાનપુર, ડુંગર, ચીખલી તેમજ નગોદ ગામના લોકોને અવરજવર કરવામાં માટે સરળતા થશે. તેમજ પલસાણા તાલુકાના ઓલ્ડ બી.એ.પાસીગ થ્રુ ચલથાણ-બલેશ્વર-પલસાણા રોડને રિસર્ફેસ કરવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. ૨.૦ કિ.મી લંબાઈ તથા રૂ.૨.૨૭ કરોડના ખર્ચે તૈયાર થનારા રસ્તાથી પલસાણા, બલેશ્વર તેમજ ચલથાણ ગામના લોકોને નેશનલ હાઈવે સુધી અવરજવર કરવા માટે સરળતા રહેશે. તેમજ આ રસ્તા પર ઔદ્યોગિક એકમો આવેલા હોય માલસામાનની હેરફેર માટે રસ્તો ઉપયોગી બની રહેશે.

# એલવીસ લાઈફ કંપનીના આરોગ્ય કેન્દ્રનું રિનોવેશન

અંકલેશ્વર, તા.૧૫

એલવીસ લાઈફ સાયન્સ કંપની અંકલેશ્વર દ્વારા ભરૂચ તથા નર્મદા જિલ્લાના પીએચસી સેન્ટરનું નવીનીકરણ કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. એલવીસ લાઈફ સાયન્સ કંપની દ્વારા ભરૂચ અને નર્મદા જિલ્લામાં સંપૂર્ણ પ્રોજેક્ટ હેઠળ પબ્લિક હેલ્થ સેન્ટરને રીનોવેટ કરીને નવનિર્માણ કરી તેને વધુ આધુનિક બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે જેના ભાગરૂપે વાલીયા તાલુકાના કોંઢ ગામ ખાતે આવેલ પીએચસી સેન્ટરને આધુનિક મેડિકલ ઈક્વિપમેન્ટ સાથે સુસજ્જ કરીને ગ્રામજનોની સુવિધા માટે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેન્ડ to હેન્ડ Ngoના દ્વિતીમાન પ્રોજેકટ ચેરમેન ખુશ્બૂ મહેતા, બ્લોક કોડીનેટર પ્રવીણ ઠાકુર, તાલુકા હેલ્થ ઓફિસર કિશન વસાવા સહિતના આમંત્રિતો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# બિહારની ચૂંટણીમાં એનડીએની જીતની સુરતમાં ભવ્ય ઉજવણી

**સુરત શહેર ભાજપ કાર્યાલયમાં ઉત્સવ મનાવાયો**

સુરત, તા.૧૫

ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગરના યશસ્વી પ્રમુખ શ્રી પરેશ પટેલ અને સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણીજીની વિશેષ ઉપસ્થિતિમાં ઢોલ નગારા અને આતશ બાજી સાથે બિહારમાં તાજેતરમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ ની ઐતિહાસિક જીત અને ભારતીય જનતા પાર્ટીના શ્રેષ્ઠ પ્રદર્શનની ઉજવણી ભારતીય જનતા પાર્ટી મુખ્ય કાર્યાલય પંડિત દિન દયાળ ભવન ખાતે રંગે ચંગે કરવામાં આવી હતી .

સુરત મહાનગરના યશસ્વી અધ્યક્ષ શ્રી પરેશ પટેલે કાર્યકર્તાઓને સંબોધિત કરતા તેમને અભિનંદન આપ્યા હતા અને માનનીય કેન્દ્રીય જળ સંશાધન મંત્રી અને ૨૫ નવસારી લોકસભાના સાંસદ શ્રી સી આર પાટીલજી કે જેઓ આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સહ પ્રભારી રહ્યા હતા અને જેમની આગેવાનીમાં ભારતીય જનતા પાર્ટીને ઝળહળતી સફળતા મળી તે માટે તેઓને ભારતીય જનતા પાર્ટી – – સુરત મહાનગર પરિવાર તરફથી વિશેષ અભિનંદન પાઠવ્યા હતા . ઉપરોક્ત પ્રસંગે ભારતીય જનતા પાર્ટી-સુરત મહાનગરના મહામંત્રી શ્રી કિશોરભાઈ બિન્દલજી , કાળુભાઈ ભીમનાથ , સુરત મહાનગરના ડેપ્યુટી મેયર ડૉ.શ્રી નરેન્દ્ર પાટીલ , શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી , ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી વિવેક પટેલ , શ્રી વીડી ઝાલાવાડીયા , સુરત મહાનગર સંગઠનના અન્ય હોદ્દેદારશ્રીઓ , નગરસેવકશ્રીઓ , આગેવાન કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીડી ગર્લ્સ હાઈસ્કૂલમાં નહેરુના ૧૩૬મી જન્મ જયંતિની ઉજવણી

**આધુનિક ભારતના શિલ્પી જવાહરલાલ નહેરુ હતા : રાજન જોશી**

નવસારી, તા.૧૫

નવસારી કેળવણી મંડળ સંચાલિત ડીડી ગર્લ્સ હાઈસ્કુલના પ્રાથમિક વિભાગમાં ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ ૧૩૬ મી જન્મ જયંતિ ઉજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના વૈષ્ણવજન તો તેને રે કહીએ... શાળાના શિક્ષક મુકેશભાઈ અને વિદ્યાર્થીઓએ રજૂ કર્યા બાદ પ્રાથમિક વિભાગના આચાર્ય પ્રીતિબેન સોલંકી એ સૌને શાબ્દિક આવકાર આપતા બાળકોના પ્યારા નહેરુ ચાચા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત નવસારી કેળવણી મંડળના ટ્રસ્ટી અને સમારંભના વક્તા પ્રધ્યાપક જશુભાઈ નાયકે પંડિત જવાહરલાલ નેહરુના નવસારીના આગમન પ્રસંગ ની વાતો નો ઉલ્લેખ માં દાંડીશ સ્મારકનું લોકાર્પણ તેમજ નવસારી ની પાણીની ટાંકી નો લોકાર્પણ, અને એમનો રાજકારણમાં હિસ્સો તેમજ લેખક તરીકે ની યાદગાર વાતો બાળકો ને સંભળાવી હતી. સરદાર વલ્લભભાઈ પટેલ અને જવાહરલાલ અમારા નેતા હતા.

આજના સમારંભ ના અતિથિ રૂપે પધારેલા નવસારી ના એડવોકેટ રાજન જોશી એ બાળકોને સરદાર પટેલ અને જવાહરની મૈત્રી ની વાતો સંભળાવી હતી એમણે પોતાના પ્રવચનમાં ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુને આધુનિક ભારતના શિલ્પી વર્ણવ્યા હતા. તેઓ માત્ર લીડર નહોતા પરંતુ મિત્ર સાચા મિત્ર હતા. કમલેશ બાળકોને સારા નાગરિક બનવા માટે શિક્ષણમાં આગળ વધવા સૂચન કર્યું હતું. નવસારી કેળવણી મંડળના ટ્રસ્ટી વિરેન્દ્રભાઈ દેસાઈએ નેહરુના નવસારી

અનુસંધાન પાના ૭ પર



# સુરતમાંથી એર કનેક્ટિવિટી મજબુત બનાવવાની માંગણી

**એર ઈન્ડિયાના ગુજરાતના હેડ સાથે ચેમ્બરે બેઠક યોજી**

સુરત, તા.૧૫

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીના નેતૃત્વ હેઠળ તાજેતરમાં જ ચેમ્બર ઓફ કોમર્સ ખાતે એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસના ગુજરાત હેડ શ્રી પ્રદીપ પોપટની સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ હાજર રહ્યા હતા.બેઠક દરમ્યાન સુરતમાંથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓના વિસ્તરણ, મુસાફરોની સુવિધામાં સુધારા અને એર ઈન્ડિયાની વિસ્તૃત સેવાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં સુરત આંતરરાષ્ટ્રીય વિમાનમથકની વધતી ભૂમિકા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો, જે ગુજરાત અને પશ્ચિમ ભારતના વેપાર, ઉદ્યોગ અને પર્યટન વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. ચેમ્બર ઓફ કોમર્સ, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એકસપ્રેસ સાથે મળીને સુરતને, ગુજરાત અને પશ્ચિમ ભારત માટેનું મુખ્ય એવિએશન ગેટવે બનાવવાની દિશામાં સતત પ્રયાસો કરતા રહેશે.

# ઉમરપાડાના પાંચ આંબા ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ

સુરત, તા.૧૫

રાજ્યસરકાર દ્વારા રાજ્ય સહિત સમગ્ર સુરત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગવંતી બનાવવા ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા ઉમરપાડા તાલુકાના પાંચઆંબા ગામે નેચરલ ફાર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અંગે તાલીમ યોજાઈ હતી. આ તાલીમમાં કૃષિ સખી વસંતા બેન પટેલ અને ઝઈઁ લક્ષ્મણભાઈ દ્વારા ખેડૂતોને 'પ્રાકૃતિક કૃષિ' અને તેના અઢળક ફાયદા વિષે માહિતગાર કરવામા આવ્યા હતા. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયમો વિશે સમજૂતી આપી પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહન અપાયું હતું.

# સુરત મનપા દ્વારા આગળ વધતી સ્વચ્છતા ઝુંબેશ

**તળાવ, નહેરો તથા સર્કલો પર સઘન સફાઈ**

સુરત, તા.૧૫

ભારત સરકારશ્રી દ્વારા ૨જી ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશનનાં ૧૧ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'' ને ''સ્વચ્છોત્સ્વ'' પખવાડિયા તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય દ્વારાનિર્મળ ગુજરાત ૨.૦ની કામગીરી તેમજ આગામી સ્વચ્છ સર્વેક્ષણની પ્રાધાન્યતાને ધ્યાને લઈને સમગ્ર રાજ્યમાંતા.૧૭



સપ્ટેમ્બર, ૨૦૨૫ થી તા.૩૧ઓક્ટોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી. સ્વચ્છ ભારત મિશન અર્બન, ગુજરાત સરકારશ્રી દ્વારા રાજયની તમામ મહાનગરપાલિકાઓમાં તા.૧૨ નવેમ્બર, ૨૦૨૫ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી દૈનિક સફાઈ કામગીરી સાથે થીમ આધારીત સફાઈ કામગીરી હાથ ધરવાનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૪-૧૧-૨૦૨૫ ના રોજ "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" દૈનિક સફાઈ કામગીરી ઉપરાંત નદી, તળાવ, સરોવર, સમુદ્ર કિનારાની સફાઈ વરસાદી પાણીના નાળા/ટ્રેશક્લીનર્સ/ચેક પોઈન્ટ્સની થીમ આધારીત સફાઈ અને સ્વચ્છતા ડ્રાઈવનું આયોજન કરેલ હતું.

ગતરોજ આયોજિત સ્વચ્છતા ડ્રાઈવ અંતર્ગત સેન્ટ્રલ ઝોનમાં ડક્કા ઓવારો, વરાછા ઝોન-એ માં સાકેત ધામ ખાડી, પુણા, ન્યુ સરથાણા ઝોન(ઈસ્ટ ઝોન-બી)માં લેક ગાર્ડન, મોટા વરાછા-એ, રાંદેર ઝોનમાં જહાંગીરપુરા એન્ટ્રી ગેટ થી ઈસ્કોન સર્કલ, કતારગામ ઝોનમાં કોઝવે વોટર બોડી, ઉધના ઝોન-એ માં કુત્રિમ તળાવ, બમરોલી, ઉધના ઝોન-બીમાં સાત વલ્લા કેનાલ રોડ, અઠવા ઝોનમાં લેક વ્યુ ગાર્ડન અને લીબાયત ઝોનમાં આંજણા કેનાલ ખાતેસાફ સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ. આજ રોજ સફાઈ ઝુંબેશમાં ૧૯ JCB/લોડર, ૪૦ ટ્રક તથા ૯૭૮ સ્વચ્છતા કર્મીઓ દ્વારા સફાઈ કરી ૨૯૧ MT ઘન કચરાનો નિકાલ કરવામાં આવેલ છે.

**સુરત મહાનગરપાલિકા દ્વારા**

# શહેરના વિવિધ રોડ-રસ્તા રિપેરિંગની કામગીરી હાથ ધરાઈ

**રસ્તા રિપેરીંગની કામગીરીની માહિતી મુખ્યમંત્રીએ મેળવી**

સુરત, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ધોરી માર્ગો તથા મહાનગરો અને નગરોના રોડ-રસ્તાના કામોની ગુણવત્તામાં બાંધછોડ રાજ્ય સરકાર ચલાવશે નહી તેવા સ્પષ્ટ દિશાનિર્દેશો ગાંધીનગર ખાતે મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આપ્યા હતા. સુરત મહાનગરપાલિકા દ્વારા મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં રોડ-રસ્તાની રિપેરિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. સાઉથવેસ્ટ ઝોનમાં હેપ્પી હોમથી પ્રાઈમ શોપર્સ પાસે રોડ રિપેરીગ કામગીરી તેમજ સાઉથઈસ્ટ ઝોનમાં આંજણા આરઓબીથી કબૂતર સર્કલ થર્મોપ્લાસ્ટિક પેઈન્ટથી માર્કિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં વાલક પાટિયાથી કામરેજ મેઈન રોડ પર રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે નિયોલ ચેક પોસ્ટ રોડ, સાઈ મિલન રેસીડન્સી રોડ, નિયોલ ગેટથી વૃદ્ધાશ્રમ, કડોદરા રોડ, વરાછાના સુદામા ચોક, મનિષા અંડરપાસ, ઉત્રાણ રોડ,

અનુસંધાન પાના ૭ પર




# તક્ષશિલા વિદ્યાલયમાં બાળદિનની ઉજવણી

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર, નવા બોરભાઠા સ્થિત તક્ષશિલા વિદ્યાલયમાં પૂર્વ પ્રાથમિક અને ધોરણ ૧ થી ૪માં બાળદિનની ઉજવણી કરવામાં આવી. તેમાં વિવિધ કાર્યક્રમો જેવા કે પંડિત જવાહરલાલ નેહરુ વિષે વક્તવ્ય, બાળગીત, માઈન્સ ગેમ્સ, ક્રાફ્ટ વર્ક જેવી પ્રવુંત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વાતાવરણને ગુંજતું કરી દીધું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના પ્રમુખ ગુમાનભાઈ પટેલ સાહેબ, ચેરમેન વિમલભાઈ પાઠક સાહેબ, શાળાના શૈક્ષણિક સલાહકાર પી. બી. પટેલ સાહેબ, શાળાના આચાર્ય ઘનશ્યામભાઈ બી. પટેલ સાહેબ, શાળાના કો-ઓર્ડીનેટર સરીકાબેન તેમજ શાળાના શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

# માનવ શરીર ઉર્જાનો સ્ત્રોત છે, સંકલ્પ સ્વયમને તાકાત આપે છે : થર્સ-ડે થોર્ટ

**સંકલ્પ કર્યા પછી શંકા કરવી નહિ તે સફળતાની ચાવી છેઃ પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા**

સુરત, તા.૧૫

પ્રગતિશિલ અને ગુણવત્તાયુક્ત સારા જીવન માટે લોકોને દિશા આપવા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી દર ગુરૂવારે હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી વિચારોનું વાવેતર કરવામાં આવે છે. તા. ૧૩-૧૧-૨૦૨૫ ગુરૂવારે જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે યોજાયેલા ૧૩૩માં થર્સ-ડે થોર્ટ કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, ઈચ્છા જીવનનું ચાલક બળ છે. ઈચ્છા એ માત્ર વિચાર છે. પરંતુ દ્રઢ ઈચ્છા એ સંકલ્પ છે. સંકલ્પ સાથે સતત પ્રયાસ લક્ષ પ્રાપ્તિનો ખરો આધાર છે. તેમણે જણાવ્યું હતું કે, શરીરમાં વિધૃત ચુંબકિય તત્વો કાર્યરત હોય છે. ખરેખર માનવ શરીર જીવંત ઉર્ઝાનો સ્ત્રોત છે. આધુનિક ક્વાન્ટમ ફીઝીક્સે પણ સ્વીકાર કર્યો છે કે દરેક વિચાર એક એનર્જી નો તરંગ છે. જે બ્રહ્માંડમાં ફરતા રહે છે. જયારે કોઈ વ્યક્તિ શુભેચ્છા કે આશીર્વાદ આપે છે. અથવા કોઈ કામ માટે સંકલ્પ કરે છે. ત્યારે તેની અંદરથી પોઝીટીવ એનર્જી વાઈબ્રેશન થાય છે. અથવા બાયોફિલ્ડ ઊર્ઝા બહાર ગતિ કરે છે. જે એનર્જી પોતાના અથવા અન્ય વ્યક્તિના ચેતન અને અવચેતન



મન ઉપર અસર કરે છે. દ્રઢસંકલ્પથી સંજોગો સાનુકુળ થાય છે. તાકાત મળે છે અને લક્ષ પ્રાપ્ત થાય છે. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, માનવ શરીર ઊર્જાનો સ્ત્રોત છે. જેથી સંકલ્પ, સ્વયમને તાકાત આપે છે. માત્ર


અનુસંધાન પાના ૭ પર

## બિહારમાં ભવ્ય જીત બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું સાંજે ચાર વાગે

# સુરત એરપોર્ટ ખાતે બિહારના લોકો અભિવાદન કરશે







## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સુરતના અંત્રોલી ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનનું નિરીક્ષણ કરી પ્રગતિની સમીક્ષા કરી હતી

**સુરત, તા. ૧૫**

બિહારમાં ભવ્ય જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વિવિધ કાર્યક્રમો માટે ગુજરાત આવ્યા છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સુરતના અંત્રોલી ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનના નિરીક્ષણ માટે પહોચ્યા હતા. જ્યાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ રેલ્વે સ્ટેશનની પગતિની સમીક્ષા કરી હતી.ત્યારબાદ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી ''જનજાતિય ગૌરવ દિવસ''ની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણીના અવસરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ડેડીયાપાડા પહોંચી ૯૭૦૦ કરોડથી વધુનાં વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે અને જાહેર સભાને સંબોધન કરશે. નમદા ડેડિયાપાડા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં રોડ શોમાં આદિવાસીઓ ઉમટી પડશે.

ત્યારબાદ ડેડીયાપાડાનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પીએમ મોદી સુરત પહોંચીને દિલ્હી જવા રવાના થવાના હતા પણ કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વડાપ્રધાન સમક્ષ સુરતમાં વસતા બિહારના લોકો વડાપ્રધાનનું અભિવાદન કરવા ઈચ્છે તેવી લાગણી પ્રગટ કરી હતી. સી.આર.પાટીલની વાત સાંભળીને પીએમ મોદીએ એરપોર્ટની બહાર આવવાની સહમતિ આપી હતી જેથી સાંજે ચાર વાગે સુરત એરપોર્ટ ખાતે વડાપ્રધાન આવશે, જ્યાં સુરતમાં વસતા બિહારના લોકો દ્વારા ભવ્ય અભિવાદન અને બહુમાન કરવામાં આવશે. એરપોર્ટ બહાર મોટી સંખ્યામાં બિહારના લોકો વડાપ્રધાનનું અભિવાદન કરશે જે માટે સુરત ભાજપે તડામાર તૈયારી કરી દીધી છે.અત્રે નોંધનીય છે કે આજે સવારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સુરત એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા ત્યારેકેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, મેયર શ્રી દક્ષેશ માવાણી, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત તથા સુરતના નિયોલ હેલપેડ ખાતે વડાપ્રધાન શ્રીનું મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ તથા જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયાએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

---

## નજીવી બાબતે આરટીઓ ઈન્સ્પેક્ટર બારીયા પર બે યુવકનો હુમલો

### ગૌરવપથ રોડ પર મોપેડ સવાર બે યુવકની હરકત : બન્ને ઝડપાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫

સુરત આરટીઓ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તુષાર કુમાર બારીયા સાથે બે ટપોરીઓએ વાહન હંકારવા બાબતે તકરાર ઉભી કરી માર મારી પોલીસ કો બુલાઓગે તો પોલીસ હમારા યા કર લેગી તેવી ધમકી આપી બેફામ માર માર્યો હોવાની ફરીયાદ ઈન્સ્પેક્ટર દ્વારા પાલ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

પાલ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પાલ ગ્રિનસીટી ખાતે રહેતા અને સુરત આરટીઓમાં આરટીઓ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા તુષારકુમાર બાબુભાઈ ભારિયા ઉ.વ.૩૪ ગઈ તા.૧૩મીના રોજ સાંજના સમયે તેમની કારમાં ઘરેથી નિકળ્યા હતા. પાલ ગૌરવ પથ રોડ પર આવેલા બને હાઉસ કેફેમાં ચા નાસ્તો કરવા માટે નિકળ્યા હતા. ઈન્સ્પેક્ટર કાર હંકારી ગૌરવપથ રોડ શ્રી સ્ટાર ટી સ્ટોલની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોપેડ પર સવાર બે અજાણ્યાઓએ તેની મોપેડ કારની એકદમ નજીકથી હંકારી હતી.. જેથી આરટીઓ ઈન્સ્પેક્ટર તુષારકુમારે હોર્ન વગાડયો હતો. સતત હોર્ન મારવા છતાં આ બંને જણા કારની આગળ ગાડી હંકારતા રહ્યા હતા અને અડચણ ઉભી કરી હતી. દરમિયાન ઉશ્કેરાઈને બંને ટપોરીઓએ કારના કાચ ઉપર જોર જોરથી મુક્કા માર્યા હતા. આરટીઓ અધિકારીએ સમજદારી પુર્વક કારને રિવર્સ લઇ સીસીટીવી કેમેરા નજીક લઈ ગયા હતા. અને કારને નુકશાન થયું છે કે નહીં તે જોવા માટે કારની બહાર નિકળતાની સાથે જ બંને ટપોરીઓએ આરટીઓ ઈન્સ્પેક્ટરને માર મારવાનું શરૂ કરી દીધું હતું. એક જણાએ ગળુ દબાવી રાખ્યુ હતુ અને બીજો માર મારવા લાગ્યો હતો. લોકો ભેગા થઈ જતા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ ઉપરી પહોંચી બંને આરોપીને પકડી પાડયા હતા.

---

## મિત્રની પત્નીને અશ્લીલ ફોટો મોકલનારને માર પડયો

### બંગાળી હમવતનીનું કારસ્તાન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫

એએમએનએસ કંપનીમાં કોન્ટ્રાક્ટ હેઠળ હેલ્પરનું કામ કરતા ૪૧ વર્ષિય બંગાળી યુવાને હમવતનીની પત્નીને શિશ્નનો ફોટો મોકલતા ઝઘડો થયો હતો. જેની અદાવત રાખીને યુવાન ભરનિંદ્રામાં હતો ત્યારે હમવતનીએ તેના પેટના ભાગે લાતો મારતા તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મુળ બંગાળના વતની અને રાજગરી ગામ ખાતે રહેતો પરિમલ પુરંજન તાલા ઉ.વ.૪૧ હજીરાની કંપનીમાં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરે છે.

દરમિયાન તેણે તેના એક હમવતની મિત્રની પત્નીને શિશ્નનો ફોટો મોકલ્યો હતો. જેની જાણ પતિને થઈ જતા પતિએ ગઈ તા.૧૩મીના રોજ વહેલી સવારે રૂમ પર સુતેલા પરિમલને પેટના ભાગે લાતો મારી હતી. પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડતા પરિમલને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

---

## રાંદેરમાં બિલ્ડરને રેમ્બો છરો બતાવી લૂંટી લેવાયો

### માથાભારે ઈમ્તિયાઝ ઉર્ફે સદામ સહિત ચાર જણાં સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫

જહાંગીરપુરા વરીયાવ ચેક પોસ્ટ પાસે રાંદેર કિનારા સ્ટ્રીટ ખાતે રહેતા ૩૪ વર્ષિય બિલ્ડરને અહીયા અમને પુછ્યા વગર જમીનના સોદા કેમ કરે છે તેમ કહી માથાભારે ઈમ્તીયાઝ ઉર્ફે સદામ ઈકબાલ બચાવ, ફૈસલ બચાવ સહિત ચાર જણાએ બિલ્ડર અને તેના મિત્રને માર મારી રેમ્બો છરો બતાવી રોકડ ભરેલી બેગ લુંટી લીધી હોવાની ફરીયાદ જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ કામરેજ તાલુકાના કઠોર ગામનો વતની અને હાલ રાંદેર કિનારા સ્ટ્રીટ ખાતે દિલકસ એપાર્ટમેન્ટમાં રહેતો હમઝા મોહમદ યુસુફ મર્ચન્ટ ઉ.વ.૩૪ બાધકામ કોન્ટ્રાક્ટર છે. ગઈ તા.૨૨ જુન ૨૦૨૨ના રોજ રાત્રિના પોણા નવ વાગ્યાની આસપાસ હમઝા તેના મિત્ર આકીબ મોહમદ સલીમ પુનાવાલા (રહે. ફ્લેટ નં.૩૦૨, અચલ કો.ઓ. હાઉસીંગ સોસાયટી, નાણાવટ, પંડોળની પોળ)સાથે રૂ.૯.૫૬ લાખ લઈને જહાંગીરપુરા વરીયાવગામ તરફ એપાર્ટમેન્ટના બાંધકામની જમીન જોવા માટે નિકળ્યો હતો. જમીન ધ્યાને નહીં આવતા તેઓ ઓફીસ જવા નિકળ્યા હતા. દરમિયાન - વરીયાવ ચેક પોસ્ટ પાસે હમઝા અને આકિબ લઘુશંકા કરવા રોડ સાઈડે ઉભા રહ્યા હતા. આ સમયે એક કારમાં આવેલા ઈમ્તીયાઝ ઉર્ફે ઈમ્તીયાઝ સદામ ઈકબાલ બચાવ, ફૈસલ બચાવ (રહે. અલફેશાની ટાવર, રાંદેર) તેમજ ઈકબાલ મેમણ અને સાહિદ શબ્બીર ગૌડીલ ત્યાં આવી પહોંચ્યા - હતા અને હમઝા અને આબિને સદામભાઈ કો બતાયે બિના જમીન ર ખરીકને નિકલ પડે હો, યહ ઈલાકા સદામભાઈ કા હૈ યહા સદામભાઈ - જમીન કા ભાવ તૈય કરતા હૈ, તેમ કહી ઢીક મુક્કીનો માર માર્યો હતો. - સાહિદ ગૌડીલ અને ઈસ્તીયાઝ બચાવે રેમ્બો છરો કાઢી હમઝા અને આબિને ધમકાવ્યા હતા અને રૂપીયા ભરેલી બેગ ઝુંટવી લીપી હતા.. જો અમારી વિરૂષ્ય કોઇ ફરીયાદ કરશો તો પરિવારને જીવતા નહીં છોડીશું તેવી ધમકી આપવામાં આવી હતી.

---

## ડ્રગ્સ કેસમાં રિઝવાન બાદશાહને હાઈકોર્ટના શરતી જામીન મંજૂર

### વકીલ અંજુમ કુરૈશી મારફતે જામીન અરજી કરાઈ હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા. ૧૫

વેડ વરિયાવ બ્રિજ નજીક ચોકી ફળિયા પાસે અલ્પેશ મિયાણીની કારમાંથી મળી આવેલ રૂ.૭.૮૭ લાખના એમ.ડી.ડ્રગ્સ કેસમાં સંડોવાયેલા રાણીતળાવના હમઝા ઉર્ફે રીઝવાન બાદશાહને ગુજરાત હાઈકોર્ટે શરતોને આધીન જામીન ઉપર મુક્ત કર્યા હતા. આરોપી હમઝાને કાનૂની માર્ગદર્શન સુરતના વિધ્વાન વકીલ અંજૂમ કુરૈશીએ પૂરું પાડ્યું હતું.

આ કેસની વિગત એવી છે કે, ગત.તા.૧૮-૩-૨૦૨૫ના રોજ મોડી રાત્રીએ વેડ વરિયાવ બ્રિજના વરિયાવથી ગુરુકુલ મંદીર તરફના ચોકી ફળિયા રોડ પરના નાકે ઓઈલના વેપારી અલ્પેશ ઘનશ્યામદાસ મીયાણી(રહે.કાસારીયો હાઈટ્સ,હાથી મંદીર રોડ, કતારગામ)ની કારમાંથી ૭૮.૭૭ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, અલ્પેશ મિયાણીને ફસાવવા માટે તેની કારમાં એમ.ડી.ડ્રગ્સ ભાગીદાર ચિરાગ ગોટીના કહેવાથી તેનાભાઈ નીરાંત ઉર્ફે લાલુ ગોટીએ મુક્યુ હોવાનુ સામે આવ્યું હતું. નીરાંતે રાણીતળાવ ખાટકીવાડમાં રહેતા હમઝા ઉર્ફે રીઝવાન બાદશાહ પાસેથી આ ડ્રગ્સ ખરીધ્યુ હોવાનુ પણ તપાસમાં ખુલતા હમઝાની ધરપકડ કરાઈ હતી. જેલમાં બંધ હમઝા ઉર્ફે રિઝવાન બાદશાહે વકીલ કે.ટી.બેલડીયા અને સુરતના વકીલ અંજુમ કુરૈશી મારફતે હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજુર કરી હતી.

---

### ત્રણ વર્ષ પહેલા થયેલા પ્રેમ લગ્નનો કરૂણ અંજામ

## પરિણીતાના આપઘાત કેસમાં પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો દર્જ

**સુરત, તા. ૧૫**

અન્ય છોકરા સાથે થનાર લગ્નના ૪ દિવસ પહેલા જ વિસનગરથી પ્રેમી સાથે ભાગીને સુરત આવેલી પરિણીતાએ પ્રેમલગ્નના ૩ વર્ષમાં જ ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. મૃતકના પિતાએ પતિ દ્વારા શારીરિક માનસિક ત્રાસ અપાતો હોવાથી તેણીએ આ પગલું ભર્યું હોવાનો આરોપ લગાવતાલસકાણા પોલીસે પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી મોતનું સાચુ કારણ જાણવા આગળની તપાસ હાથ ધરી હતી.

મૂલ પાટણના અને હાલ મહેસાણા વિસનગર ખાતે દેણપગામે રહેતા ખેડૂત પથુજી લેવાજી ઠાકોરે લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતુ કે, પથુજી ઠાકોરના ૪ બાળકો પૈકી દીકરી નિલમના લગ્ન પરિવારે મે મહિનાના ૨૦૨૨માં નક્કી કર્યા હતા. જોકે, તેમના બાજુના ગામમાં રહેતા અને એક જ સમાજના અશ્વિન દુધાજી ઠાકોર સાથે નિલમ પ્રેમમા હોય તેના પરિવારે અન્ય છોકરા સાથે નક્કી કરેલા લગ્નના ૪ દિવસ પહેલા જ નિલમ અશ્વિન ઠાકોર સાથે ભાગી ગઈ હતી. અને પરિવારની મરજી વિરૂદ્ધ નિલમે અશ્વિન ઠાકોર સાથે લગ્ન કરી લીધા હતા.

ત્યારબાદ તેઓ સુરત લસકાણા ખાતે સદભાવના સ્કુલની સામે ભગવાન સોમાભાઈના મકાનમાં રહેતા હતા. દરમિયાન ૧૨ નવેમ્બરે નિલમે તેના ઘરે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે નિલમનો ફોન ચેક કરતા વોટ્સએપમાં પતિ અશ્વિનની વોઈસ ક્લીપ મળી આવી હતી. જેમાં પતિ અશ્વિને નિલમને ગાળો આપી અને આ છેલ્લો ફોન છે અને તારાથી કંટાળી ગયો છુ તેવી વાતચીત વોટ્સએપ ક્લીપમાં મળી આવી હતી.

વધુમાં પિતા પથુજી ઠાકોરે પોલીસને જણાવ્યું હતુ કે તેમની દીકરી નિલમને તેનો પતિ અશ્વિન ઠાકોર શારીરિક માનસિક ત્રાસ આપતો હતો. જેથી નિલમ મરવા માટે મજબૂર બની હતી. પોલીસે પથુજી ઠાકોરની ફરિયાદના આધારે જમાઈ અશ્વિન ઠાકોર સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

---

## પરિણીતાનાં આપઘાત કેસમાં પતિ સહિત સાસરિયાનો છૂટકારો

### પુરાવાનાં અભાવે કોર્ટે તમામ આરોપીને નિદોર્ષ છોડી મુકવા હુકમ કર્યો

સુરત, તા. ૧૫

ઉધના ખાતે પતિ અને સાસરિયાના ત્રાસથી કંટાળી સ્યુસાઈડ નોટ લખીને માસુમ બાળક સાથે પરિણીતાએ ઝંપલાવી કરેલા આત્મહત્યા કેસમાં પુરાવાના અભાવે પતિ સહિત સાસરીયાનો કોર્ટે નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો.

મૃતકના પરિવારે પતિ કિંજલકુમાર, તેમના માતા-પિતા (સાસુ-સસરા) સહિત પાંચ વિરુદ્ધ IPCની કલમ ૪૯૮(ક) (ત્રાસ), ૩૦૬ (આત્મહત્યા માટે દુષ્પ્રેરણ) હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં લગ્ન બાદ ત્રાસ, મહેણાં-ટોણાં મારવા અને માનસિક હેરાનગતિના આક્ષેપો કરાયા હતા, જેનાથી કંટાળીને મિત્તલબેને સ્યુસાઈડ નોટ લખી દીકરા સાથે ફ્લેટની ગેલેરીમાંથી ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. ઉધના પોલીસે પતિ સહિતના આરોપીઓ સામે દુષ્પેરણાની ફરિયાદ નોંધાવી હતી. સેશન્સ કોર્ટમાં ચાલેલા આ કેસમાં, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. પુરાવાના અભાવે કોર્ટે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આરોપીઓ તરફથી સિનિયર ધારાશાસ્ત્રી ગૌતમભાઈ આઈ. દેસાઈ અને ચેતન કે. શાસ્ત્રીએ દલીલો કરી હતી.

---

## અદાણી સિમેન્ટ TNFD ભલામણો સ્વીકારનાર ભારતની પ્રથમ સિમેન્ટ કંપની બની

**અમદાવાદ, ૧૪ નવેમ્બર**

અંબુજા સિમેન્ટ લિમિટેડ અને તેની પેટાકંપનીઓ ભારતીય સિમેન્ટ ઉદ્યોગમાં ટાસ્કફોર્સ ઓન નેચર-રિલેટેડ ફાઈનાન્શિયલ ડિસ્કલોઝર (TNFD) ભલામણો અપનાવનાર પ્રથમ કંપની બની છે. વૈશ્વિક સ્તરે ૯મી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ આપનાર કંપની આ સાથે પ્રકૃતિને સાનુકૂળ વ્યાવસાયિક પરિવર્તન કરનાર ટોચના વૈશ્વિક ઉદ્યોગોમાં સામેલ થઈ છે. TNFD ભલામણોને સ્વીકારીને અદાણી સિમેન્ટ પ્રકૃતિ-સંબંધિત જોખમો અને સંભાવનાઓની ઓળખ, સમીક્ષા, સંચાલન અને તદઅનુસાર તે જાહેર કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપની આ રીતે ટકાઉ ઉત્પાદનમાં તેનું ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવે છે. અદાણી સિમેન્ટ, જેમાં ભારતની પ્રતિષ્ઠિત અને સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ્સ—અંબુજા સિમેન્ટ્સ અને ACCનો સમાવેશ થાય છે, તે TNFD નિયમો અપનાવનાર વિશ્વની સાત સિમેન્ટ કંપની પૈકી એક બની છે.

અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, ''્દ્રહ્લઙ્ઘ નિયમોનો સ્વીકાર અદાણી સિમેન્ટની પ્રકૃતિને સાનુકૂળ પ્રગતિ તથા પર્યાવરણલક્ષી કામગીરીમાં અગ્રીમ રહેવાની સફરની આ મહત્વપૂર્ણ ક્ષણ છે.્દ્રહ્લઙ્ઘ નિયમો અનુસાર વિગતો જાહેર કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને આ ક્ષેત્રમાં પ્રથમ હોવાનો અમને ગર્વ છે. જવાબદાર વ્યવસાય તરીકે લાંબા ગાળાની સફળતા આ બાબત આવશ્યક છે તેવી અમારી માન્યતાને સુનિશ્ચિત કરે છે. આ પ્રતિબદ્ધતા ડીકાર્બોનાઈઝેશનમાં અમારી તાજેતરની પ્રગતિ પર આધારિત છે, જેમાં વિશ્વમાં પ્રથમ વખત કૂલબ્રુકની રોટોડાયનેમિક હીટરન? (RDH™?) ટેકનોલોજીના વ્યાપારી ઉપયોગનો સમાવેશ થાય છે. અમે નેટ ઝીરો તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ, બાયોડાયવર્સિટી વધારી રહ્યા છીએ તેમજ અમારી કામગીરીને સાનુકૂળ બનાવી રહ્યા છીએ. અદાણી ગ્રુપની સર્વગ્રાહી ઈકોસિસ્ટમને અનુરૂપ નવીનતા, ડિજિટલાઈઝેશન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોની દિશામાં અમારી કામગીરી ભારતના ટકાઉ વિકાસ લક્ષ્યોને સમર્થન આપવાની સાથે તમામ પક્ષકારો માટે લાભદાયક બની રહેશે.''

TNFD એ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ ફાઈનાન્સ ઈનિશિયેટિવ (UNEP FI), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) અને ગ્લોબલ કેનોપી દ્વારા સ્થાપિત વૈશ્વિક વિજ્ઞાન-આધારિત પહેલ છે. તે કંપનીઓને જરૂરિયાત મુજબ આવશ્યક નિર્ણય લેવા અને કોર્પોરેટ રિપોર્ટિંગમાં પ્રકૃતિલક્ષી સર્વગ્રાહી માર્ગદર્શન આપે છે.અદાણી સિમેન્ટ નાણાકીય વર્ષ-૨૬થી TNFD-નિર્ધારિત ભલામણોને ઔપચારિક રીતે અપનાવશે અને તે દ્વારા પર્યાવરણીય કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી વધારશે. આ પગલું કંપનીની હાલની આબોહવા જોખમ સમીક્ષા તથા વિગતો જાહેર કરવાની પદ્ધતિ પર આધારિત છે, જે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત માળખાને અનુરૂપ છે. અદાણી સિમેન્ટે પહેલેથી જ મજબૂત ઈજીય ધોરણો અપનાવેલાં છે, જે અંતર્ગત મોટાપાયે વનીકરણનો સમાવેશ થાય છે. કંપનીએ ૭ મિલિયનથી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું છે, પાણીના વપરાશના વૈશ્વિક ધોરણો અપનાવીને ્દ્રહ્લઙ્ઘ ૧૨ટ પાણીની બચત કરી છે એટલું જ નહીં પરંતુ ઉત્પાદન સ્થળો અને કામગીરીમાં બાયોડાયવર્સિટી સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપી છે.અંબુજા સિમેન્ટ્સ અને છઝ્રઝ્ર બંને કંપનીઓ GRIHA-નિર્ધારિત લો-કાર્બન સિમેન્ટ અને કોંક્રિટ બાંધકામ ઉકેલોની વિશાળ શ્રેણી ઓફર કરે છે, જેમાં કંપનીઓના પોર્ટફોલિયોના ૮૫%થી વધુ ગ્રીન સિમેન્ટ મિશ્રણનો સમાવેશ થાય છે. આ બંને કંપનીના પ્રીમિયમ ઉત્પાદનો કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં સહાયરૂપ છે જે ટકાઉ બાંધકામ ઈકોસિસ્ટમ માટે સૌથી આવશ્યક છે. અદાણી સિમેન્ટ નાણાકીય વર્ષ-૨૮ સુધીમાં ૩૦% છહ્લઇ ઉપયોગ અને ૬૦% ગ્રીન ઊર્જા વપરાશનું લક્ષ્ય રાખે છે. એ દ્વારા જવાબદાર સંસાધન વ્યવસ્થાપન અને બાયોડાયવર્સિટી સંરક્ષણના ્દ્રહ્લઙ્ઘ સિદ્ધાંતોને સીધા આગળ ધપાવે છે.

અદાણી સિમેન્ટ દ્વારા TNFD નિયમોની સ્વિકૃતિ ભારતીય સિમેન્ટ ઉદ્યોગ માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે માળખાગત સુવિધાઓ અને રાષ્ટ્ર નિર્માણ માટે સૌથી આવશ્યક છે. પ્રકૃતિ-લક્ષી જાહેરાતો પ્રત્યે કંપનીનો આવો સક્રિય અભિગમ આ ક્ષેત્ર માટે એક ઉદાહરણ સ્થાપિત કરે છે, જે આ ક્ષેત્રના અન્ય સાથીદારોને પણ બાયોડાયવર્સિટી તેમજ પર્યાવરણ જાળવણીને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કરે છે. અદાણી સિમેન્ટનું નેતૃત્વ એ રીતે સ્થાપિત થાય છે કે તે વિશ્વની સૌથી મોટી ચાર સિમેન્ટ કંપનીઓમાં સામેલ છે જે જીમ્્‌-માન્યતા પ્રાપ્ત નેટ-શૂન્ય લક્ષ્યો અને વૈશ્વિક સહયોગ ધરાવે છે. નોંધપાત્ર છે કે IRENA હેઠળ એલાયન્સ ફૉર ઈન્ડસ્ટ્રી ડીકાર્બોનાઈઝેશન (AFID) માં જોડાનાર અદાણી સિમેન્ટ વિશ્વની પ્રથમ સિમેન્ટ ઉત્પાદક કંપની છે.

## તંત્રી લેખ...-

શનિવાર,તા.૧૫ નવેમ્બર ૨૦૨૫

# AI પર નિયમન આવી શકે છે

આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ (AI) માં સતત નવીનતા લાવવા પર સરકાર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે જો જરૂરી હોય તો નિયમન અથવા કાનૂની પગલાં લેવામાં આવી શકે છે. તેઓ ઈન્ડિયા છૈંના ઓપરેશનલ માર્ગદર્શિકાના પ્રકાશન સમયે બોલી રહ્યા હતા. કૃષ્ણને કહ્યું, 'જો આપણે માનીએ છીએ કે નવીનતા પ્રાથમિકતા છે, તો નિયમન આજે પ્રાથમિકતા નથી. હું પુનરાવર્તન કરવા માંગુ છું કે જો કાયદા અથવા નિયમનની જરૂર હોય, તો સરકાર પાછળ હટશે નહી.'

ગયા અઠવાડીયે ઈન્ડિયાએ એઆઈ મિશન હેઠળ આઈટી મંત્રાલય દ્વારા રચાયેલી એક પેટા સમિતિએ ભારતના એઆઈ ક્ષેત્રમાં કામ કરતી કંપનીઓ માટે ઓપરેશનલ માર્ગદર્શિકા પરનો પોતાનો અહેવાલ રજૂ કર્યો. પેટા સમિતિએ એઆઈ ઓપરેશનલ સિદ્ધાંતોની સૂચિનો પ્રસ્તાવ મૂક્યો, જેમાં પારદર્શિતા, જવાબદારી, સુરક્ષા, ગોપનીયતા, ન્યાયીપણા, માનવ-કેન્દ્રિત મૂલ્યો, સમાવિષ્ટ નવીનતા અને ડિજિટલ ડિઝાઈન જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

ઉદાહરણ તરીકે, અહેવાલ સૂચવે છે કે ભારતમાં વિકસિત થતી છૈં સિસ્ટમો વપરાશકર્તાઓ માટે તેમની વિકાસ પ્રક્રિયા અને ક્ષમતાઓ અને મર્યાદાઓ વિશે અર્થપૂર્ણ માહિતી સાથે હોવી જોઈએ. રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે, 'AI સિસ્ટમ્સના વિકાસકર્તાઓ અને વપરાશકર્તાઓએ છૈં સિસ્ટમ્સના કાર્ય અને પરિણામો માટે જવાબદારી લેવી જોઈએ. તેઓએ વપરાશકર્તા અધિકારો, કાયદાના શાસન અને ઉપર દર્શાવેલ સિદ્ધાંતોનો આદર કરવો જોઈએ. સ્પષ્ટ જવાબદારી પદ્ધતિઓ અમલમાં મૂકવી જોઈએ.'

રિપોર્ટમાં એવી પણ ભલામણ કરવામાં આવી છે કે AI સિસ્ટમ્સ પર અયોગ્ય નિર્ભરતાને રોકવા માટે તમામ છૈં સિસ્ટમ્સ માનવ દેખરેખ, નિર્ણય લેવા અને હસ્તક્ષેપને આધીન હોવી જોઈએ.કૃષ્ણને જણાવ્યું હતું કે આ ભલામણો છૈં વિકાસ પ્રત્યે સરકારના અભિગમ સાથે સુસંગત છે. તેમણે કહ્યું, 'અમે માનવોને કેન્દ્રમાં રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. આ મહત્વપૂર્ણ સિદ્ધાંતોને છૈં શાસન માર્ગદર્શિકામાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. મારું માનવું છે કે આ રિપોર્ટ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે, જે દર્શાવે છે કે અમારું ધ્યાન મુખ્યત્વે નવીનતા પર છે. અમે આ તકનો લાભ લેવા માંગીએ છીએ.'સરકારે ડીપફેક્સ અને કૃત્રિમ બુદ્ધિ-આધારિત સામગ્રીના પ્રસારને રોકવા માટે ચોક્કસ માર્ગદર્શિકા જારી કરી છે. પેટા સમિતિએ જણાવ્યું હતું કે કેટલાક ઠગ લોકો મીડિયા સામગ્રી બનાવવા માટે ફાઉન્ડેશન મોડેલ્સના દુરુપયોગ સામે રક્ષણ આપવા માટે ઘણા કાનૂની પગલાં અસ્તિત્વમાં છે. તે સૂચવે છે કે ડીપફેક્સ અને દૂષિત સામગ્રીને ઓળખવા માટે યોગ્ય પદ્ધતિઓ હોવી જોઈએ. આ માટે વિવિધ કલાકારોની અનન્ય ઓળખ શેર કરવી જરૂરી છે, જેમ કે કન્ટેન્ટ ક્રિએટર્સ, પ્રકાશકો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ.પેટા સમિતિએ જણાવ્યું હતું કે, 'આનો ઉપયોગ જનરેટિવ AI ટૂલ્સના ઈનપુટ્સ અને આઉટપુટને વોટરમાર્ક કરવા માટે થઈ શકે છે. તેનો ઉપયોગ ડીપફેક્સને તેમની રચનાથી લઈને તેમના ઉપયોગ સુધી ટ્રેક કરવા અને વિશ્લેષણ કરવા માટે થઈ શકે છે.

## પાક વીમા માટે એસ્ક્રો એકાઉન્ટ



પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ પ્રીમિયમના તેમના હિસ્સાને અગાઉથી જમા કરાવવા માટે લગભગ અડધા રાજ્યો એસ્ક્રો એકાઉન્ટ ખોલી રહ્યા છે, તેથી કૃષિ મંત્રાલયે બાકીના રાજ્યોને આગામી રવિ સિઝનમાં પાકના નુકસાન સામેના દાવાની પતાવટની પ્રક્રિયા ઝડપી બનાવવા માટે એક સંદેશ મોકલ્યો છે. હાલમાં પાક વીમાનો અમલ કરી રહેલા ૨૪ રાજ્યોમાંથી ફક્ત ૧૧ રાજ્યોએ જ એસ્ક્રો એકાઉન્ટ ખોલ્યા છે, જે મંત્રાલય દ્વારા ગયા ખરીફ, ૨૦૨૫ સીઝનથી ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. સુત્રોએ જણાવ્યું હતું કે બાકીના રાજ્યોને ખેડૂતો રવિ અથવા શિયાળુ પાક માટે પાક વીમો લે તે પહેલાં તરત જ એસ્ક્રો એકાઉન્ટ વિશે કહેવામાં આવ્યું છે. ડેટા અપડેટ કરવામાં વિલંબને કારણે યોજના હેઠળ દાવાની પતાવટમાં વિલંબના અહેવાલો દ્વારા આવા પગલાં લેવાની જરૂર પડી હતી. આ યોજના હેઠળ કુદરતી આફતો (દુષ્કાળ, પૂર), જીવાતો અને રોગો, કરા અને ભૂસ્ખલન જેવા સ્થાનિક જોખમોને કારણે લણણી પછીના નુકસાનથી વ્યાપક જોખમ કવરેજ પૂરું પાડે છે. ખેડૂતો રવિ પાક માટે વીમા રકમના માત્ર ૧.૫% અને ખરીફ પાક માટે ૨% નું નિશ્ચિત પ્રીમિયમ ચૂકવે છે, જ્યારે રોકડિયા પાક માટે તે ૫% છે.

વધતા ખાદ્ય સબસિડી બિલ અંગે ચિંતા વચ્ચે, નાણા મંત્રાલયે ખાદ્ય મંત્રાલયના અધિકારીઓ સાથે બેઠક બોલાવી છે જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ખાદ્ય સબસિડી બજેટને બજેટ અંદાજથી ૧૦% થી ૧૫% સુધી વધારવાના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે. નાણા મંત્રાલયે જણાવ્યું છે કે ૨૦૨૫-૨૬ માં ખુલ્લા બજારમાં વેચાણ દ્વારા વેચાતા સબસિડીવાળા ચોખા પૂરા પાડવા અને અનાજ આધારિત ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ માટે આશરે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના વધારાના સબસિડી ખર્ચને ખાદ્ય સબસિડી ખર્ચથી અલગ કરવા જોઈએ. અનાજના સ્ટોકમાં ઘટાડો કરવા, ખુલ્લા બજાર ભાવ વધારવા અને બાયો-ફ્યુઅલ જરૂરિયાતો માટે ઓછા સબસિડીવાળા અનાજનો ઉપયોગ કરવા જેવા પગલાં દ્વારા આવા ખર્ચ ઘટાડી શકાય છે. ખાદ્ય સબસિડી મોટે ભાગે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ૮૧૦ મિલિયન સુધી મફત ખાદ્ય અનાજના પુરવઠા સાથે સંબંધિત છે.

### ૨૦૦૬નાં રોજ મનિંદરસિંહ પંઢેર અને તેના નોકર સુરેન્દ્ર કોલીની ધરપકડ કરી હતી

# નિઠારીકાંડમાં કોલી પણ મુક્ત,ન્યાયની વાતો સાવ બોદી

**આ ઘટનાએ ખળભળાટ મચાવેલો અને પાંઢેર-કોલી બંને સામે બળાત્કાર અને હત્યાના ૧૯ કેસ નોંધાયા હતા. કોલી સામે ૧૩ ગુનામાં આરોપ મૂકવામાં આવ્યા હતા અને તેમાંથી ૧૨ કેસમાં તેને પહેલાં જ નિર્દોષ જાહેર કરી દેવામાં આવ્યો હતો.**

એક સમયે આખા દેશને ખળભળાવી મૂકનારા ૨૦૦૬ના નિઠારીકાંડનો સહ-આરોપી સુરેન્દ્ર કોલી પણ જેલની બહાર આવી જતાં આ દેશમાં ખરેખર ન્યાયના નામે તમાશા સિવાય કશું થતું નથી એ વરવી હકીકત ફરી મોં ફાડીને સામે આવી ગઈ છે. ૨૦૦૫ અને ૨૦૦૬ની વચ્ચે દિલ્હી પાસેના નોઈડાના સેક્ટર ૩૧માં આવેલા નિઠારી ગામમાં અનેક બાળકો અને મહિલાઓ પર ક્રૂરતાથી બળાત્કાર કરીને તેમની હત્યા કરી દેવાઈ હતી. આ પાશવી બળાત્કાર અને હત્યાઓ મોનિન્દરસિંહ પાંઢેર અને તેના નોકર સુરેન્દ્ર કોલીએ કર્યા હોવાનું બહાર આવ્યું હતું કેમ કે પાંધેરના ઘરમાંથી ૧૯ બાળકો અને સ્ત્રીઓનાં હાડપિંજર મળી આવ્યાં હતાં.

આ ઘટનાએ ખળભળાટ મચાવેલો અને પાંઢેર-કોલી બંને સામે બળાત્કાર અને હત્યાના ૧૯ કેસ નોંધાયા હતા. કોલી સામે ૧૩ ગુનામાં આરોપ મૂકવામાં આવ્યા હતા અને તેમાંથી ૧૨ કેસમાં તેને પહેલાં જ નિર્દોષ જાહેર કરી દેવામાં આવ્યો હતો. છેલ્લા રિમ્પા હલદર કેસમાં પહેલાં કોલીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી પણ કોલીએ આ ચુકાદાને પડકારતી સુપ્રીમ કોર્ટમાં ક્યૂરેટિવ પિટિશન કરેલી તેમાં એ છૂટી જતાં કોલી સાવ દૂધે ધોયેલો સાબિત થઈ ગયો .

આ કેસમાં કોલીનો શેઠ મોનિન્દર સિંહ પાંઢેર પહેલાં જ જેલની બહાર આવી ગયો છે. પાંઢેરને ૩૦ જુલાઈ, ૨૦૨૫ ના રોજ તમામ આરોપોમાંથી મુક્ત કરીને છોડી મૂકવામાં આવ્યો હતો. કોલી પણ મંગળવારે જેલમાંથી બહાર આવી જતાં નિઠારીકાંડ પર પડદો પડી ગયો છે પણ આ દેશની સિસ્ટમની પોલ ખૂલી ગઈ છે અને ભારતમાં ન્યાયતંત્ર અને તપાસ માટેની એજન્સીઓ ફારસ સિવાય કશું કરી નથી રહી એ સ્પષ્ટ થઈ ગયું છે. ૧૯ બાળકો અને સ્ત્રીઓનાં હાડપિંજર મળ્યાં છતાં આ કાંડમાં કોઈને સજા ના થાય તેનાથી વધારે મોટું ફારસ બીજું શું હોઈ શકે?

નિઠારી કાંડમાં કોલીની મુક્તિએ સીબીઆઈને પણ શંકાના દાયરામાં લાવી દીધી છે કેમ કે આ કેસની તપાસ સીબીઆઈ પાસે હતી. લગભગ બે દાયકા લગી કેસ ચાલ્યા પછી સીબીઆઈ પાંઢેર કે કોલીને સમ ખાવા પૂરતા એક કેસમાં પણ સજા ના અપાવી શકી એ જોતાં ખરેખર તો સીબીઆઈને ખંભાતી તાળાં લગાડી દેવાં જોઈએ. ન્યાયતંત્ર પણ શંકાના દાયરામાં છે કેમ કે પાંઢેર-કોલીને પહેલાં ફાંસીની સજા થઈ હતી. એ પછી અચાનક ચિત્ર બદલાઈ ગયું ને પાંઢેર-કોલી બંને એક પછી એક કેસમાં ધડાધડ છૂટી ગયા. પહેલાં કોર્ટને જે પુરાવા સજા કરવા જેવા લાગેલા એ પુરાવા અચાનક કેમ નકારી કઢાયા એ જ સમજાતું નથી.

સીબીઆઈ માટે શરમજનક વાત એ કહેવાય કે, નિઠારી કાંડ પેચીદો નહોતો પણ એકદમ સીધો ને સરળ કેસ હતો. ન્યાયની ભાષામાં કહીએ તો ઓપન એન્ડ શટ કેસ હતો. ઢગલાબંધ પુરાવા હતા ને છતાં સીબીઆઈ કોઈને સજા ના અપાવી શકી. કોર્ટે પહેલાં પાંઢેર ને પછી કોલીને એ કારણસર જ છોડી મૂક્યા છે કે, આરોપીઓની કબૂલાત સિવાય અન્ય કોઈ જડબેસલાક પુરાવા રજૂ નથી કરી શક્યા.

નિઠારીમાં ૨૦૦૫માં બાળકો અને સ્ત્રીઓ રહસ્યમય રીતે ગુમ થઈ જતાં હતાં અને તેમનો અતોપતો જ નહોતો લાગતો તેથી લોકો હેરાન હતા. બે વર્ષના ગાળામાં આ રીતે કેટલાંય લોકો ગુમ થઈ ગયાં પણ પોલીસ કદી ગુમ થયેલાં લોકોને શોધી ના શકી. પછીથી બહાર આવેલું કે, કેટલાક પોલીસવાળા પાંઢેરના પીઠ્ઠુ હતા તેથી પાંઢેરનાં કુકર્મો સામે આંખ આડા કાન કરીને તેને છાવરતા અને તપાસનો રેલો પાંઢેર સુધી પહોંચવા જ નહોતા દેતા. નોઈડાના સેક્ટર ૩૧માં આવેલા ડી-પાંચ નંબરના ઘરમાં ચાલતી પાપલીલા પોલીસના પાપે જ બે વર્ષ લગી બેરોકટોક ચાલ્યા કરી.

પોલીસને તો રસ જ નહોતો પણ નોઈડામાં બે રહેવાસીઓએ પોતાની ગુમ થયેલી દીકરીઓની તપાસ કરી તેમાં બંને દીકરીઓ છેલ્લા પાંઢેરના ઘર પાસે દેખાઈ હોવાની ખબર પડી. બંનેએ પોલીસને રજૂઆત કરી પણ પોલીસે કશું ના કર્યું એટલે બંને રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન આરડબલ્યૂએના ભૂતપૂર્વ પ્રમુખ એસ.સી. મિશ્રાનો સંપર્ક કરીને પાંઢેરના ઘરના નોકર સુરિન્દર કોલી પર શંકા વ્યક્ત કરી.

મિશ્રા માનવિય અભિગમ ધરાવતા હતા તેથી તરત બંનેને લઈને ટોળાં સાથે ડી-પાંચ મકાન પર ગયા. કોલીએ કકળાટ કર્યો પણ ટોળુ ઘરની પાછળના વંડામાં પહોંચી ગયું ને તપાસ કરી તેમાં એક સડી ગયેલો હાથ મળ્યો તેથી શંકા દૃઢ બની. મિશ્રાએ તરત પોલીસનો સંપર્ક કર્યો. પોલીસે પહેલાં તો આનાકાની કરી પણ ટોળું મોટું હતું એટલે પોલીસનો છૂટકો નહોતો.

પોલીસે પાંઢેરના ઘરમાં ઘૂસીને ખોદકામ કર્યું તો બધાંની આંખો પહોળી થઈ ગઈ. પાંઢેરના ઘરમાંથી થોકબંધ હાડકાં અને હાંડપિંજરો મળી આવ્યાં. પોલીસે પાંઢેરની પાછળના નાળામાં તપાસ કરી તો અનેક માનવ હાડપિંજર અને ખોપડીઓ મળી આવી. આટલાં હાડકાં અને હાડપિંજરો મળી આવ્યા પછી પોલીસને પાંઢેર સામે પગલાં લીધા વિના છૂટકો નહોતો.

પોલીસે ૨૯ ડિસેમ્બર, ૨૦૦૬નાં રોજ મનિંદરસિંહ પંઢેર અને તેના નોકર સુરેન્દ્ર કોલીની ધરપકડ કરી હતી. પાંઢેર અને કોલીએ પહેલાં તો હાથ જ ના મૂકવા દીધો પણ પોલીસ તપાસમાં તેમનાં ઘરમાંથી બાળકોના ચંપલ, કપડાં અને અન્ય સામાન જપ્ત કર્યો પછી બંનેનાં કુકર્મનાં ભાંડો ફૂટી ગયો.

ઉત્તર પ્રદેશમાં એ વખતે મુલાયમસિંહ યાદવની સરકાર હતી. મુલાયમે પહેલાં તો પોલીસને છાવરવા પ્રયત્ન કર્યા પણ લોકઆક્રોશ જબરદસ્ત હતો ને મીડિયા પણ તૂટી પડેલું. મીડિયામાં બાળકો તથા મહિલાઓ સાથે શું થયું તેને લગતા જાત જાતના રીપોર્ટ્સ છપાતા હતા. પાંઢેર-કોલી નરભક્ષી હતા ને પીડિતોનાં અંગો ખાઈ જતા હોવાની કબૂલાત કરી હોવાના રિપોર્ટ્સ છપાયા હતા.બંને માનવઅંગોના ગંદા ધંધામાં સંડોવાયેલા હોવાના દાવા પણ કરાયા હતા. તેના કારણે લોકોમાં આક્રોશ વધતો જતો હતો તેથી મુલાયમે છેવટે પોલીસની ભૂમિકાની તપાસ માટે સમિત રચી. આ સમિતીની ભલામણોના આધારે થોડાક પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરાયા ને ૨૦૦૭ના જાન્યુઆરીમાં તપાસ સીબીઆઈને સોંપીને હાથ ખંખેરી નાખ્યા.

સીબીઆઈ પાસે તપાસ ગઈ પછી શરૂઆતમાં ભારે ધમાધમી થઈ, દરોડા પડાયા, મજબૂત પુરાવા શોધી કઢાયા હોવાના દાવા પણ કરાયા, ફટાફટ ચાર્જશીટ પણ દાખલ કરી દેવાઈ. તેના આધારે પાંઢેર-કોલીને સજા પણ થઈ પણ પછી બધું બદલાઈ ગયું ને આજની તારીખે બંને બહાર છે.

નિઠારીકાંડમાં જેમણે પોતાનાં બાળકો, દીકરીઓ કે સ્વજનો ગુમાવ્યાં એ લોકોને હાથ બે દાયકા પછી નિરાશા સિવાય કંઈ હાથ લાગ્યું નથી. આ વાત આઘાતજનક કહેવાય ને આપણે ત્યાં ન્યાયની વાતો થાય છે એ સાવ બોદી છે એ પુરવાર કરનારી છે.

### ચીન, રશિયા, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા અણુબોંબના અંડર ગ્રાઉન્ડ ટેસ્ટ કરે છે પરંતુ જણાવતા નથી.

# અણુ પ્રયોગનીતિ અપનાવીને વિશ્વ વિનાશનો પાયો નાખતી અણુસત્તાઓ

**દુનિયા એમ માનતી રહી છે કે અણુધડાકા કે અણુ પ્રયોગો સનકી તાનાશાહ કિમ જોગ ઉનના નેતૃત્વમાં એક માત્ર ઉત્તર કોરિયા જ કરે છે પરંતુ ટ્રમ્પના દાવા મુજબ પરમાણુ પરીક્ષણ ઉત્તર કોરિયા જ નહી ચીન, રશિયા અને પાકિસ્તાન પણ કરે છે.**

તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પે એક અમેરિકી મીડિયાને આપેલી મુલાકાતમાં કબુલાત કરી હતી કે અમેરિકા પાસે દુનિયાનો દોઢસો વાર નાશ કરી શકાય તેટણી અણુશકિત છે. સૌથી ચોંકાવનારી વાત તો એ કરી કે ચીન, રશિયા, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા અણુબોંબના અંડર ગ્રાઉન્ડ ટેસ્ટ કરે છે પરંતુ જણાવતા નથી. ટ્રમ્પના આ નિવેદન પછી દુનિયાના અનેક દેશો એલર્ટ મોડ પર આવી ગયા છે.શીતયુધ્ધનો અંત આવ્યા પછી વિશ્વમાં નિઃશસ્ત્રીકરણ અને અણુસંયમની ઝુંબેશ શરુ થઈ હતી જેને મોટો ફટકો પડયો છે. નિઃશસ્ત્રીકરણની આડમાં અણુસત્તાઓ અણુ સંશોધનો કરતી રહે છે એવી શંકા વધુ મજબૂત બની છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે અણુપ્રયોગો સનકી તાનાશાહ કિમ જોગ ઉનના નેતૃત્વમાં માત્ર ઉત્તર કોરિયા જ કરે છે પરંતુ ટ્રમ્પના દાવાએ ચીન, રશિયા અને પાકિસ્તાનની પોલ ખોલી નાખી છે. એક અહેવાલ અનુસાર હમણાં રશિયાએ અમેરિકાની સુરક્ષાને ભેદી શકે તેવા પરમાણુ શસ્ત્રોની નવી પ્રણાલીનું પરીક્ષણ કર્યુ હતું. પ્રતિક્રિયા સ્વરુપે ટ્રમ્પે પણ પોતાના સંરક્ષણ મંત્રાલયને પરમાણુ શસ્ત્રોના પરીક્ષણ માટે તૈયારી શરુ કરવાનો આદેશ આપ્યો હતો. ટ્રમ્પ દલીલ કરવા લાગ્યા છે કે અમે ઘણા સમયથી અણુ પરીક્ષણો કરતા નથી પરંતુ બીજા દેશો કરતા હોવાથી અમેરિકા પણ પરીક્ષણ કરે તે યોગ્ય જ છે. ૩૧ ઓકટોબરના રોજ ટ્રમ્પે નવેસરથી અણુ પ્રયોગ શરુ કરવાની જાહેરાત કરતા ખળભળાટ મચી ગયો હતો. ૫ નવેમ્બરના રોજ અમેરિકાની વાયુસેનાએ મિનટમેન-૩ નામની ઈન્ટરકોન્ટિનેંટલ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ હતું. આ મિસાઈલ એક ખંડમાંથી બીજા ખંડમાં અણુહુમલા માટે ખાસ ડિઝાઈન કરવામાં આવી છે.

રામાયણ અને મહાભારતમાં બ્રહ્માસ્ત્રના પ્રયોગની વાત આવે છે. આધુનિક સમયમાં અણુબોંબ એક એવું બ્રહ્માસ્ત્ર છે જે માનવજાતના વિનાશ માટે પુરતું છે. છેલ્લા સાડા ત્રણ વર્ષથી ચાલતા યુક્રેન યુધ્ધમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમેર પુતિન અનેક વાર અણુશસ્ત્રની ધમકી આપી ચુકયા છે. યુક્રેન યુધ્ધમાં યુરોપ,અમેરિકા અને નાટો સંગઠનની પરોક્ષ ભૂમિકા જોતા રશિયા પર પોતાની સુરક્ષાનું એક દબાણ ઉભું થયેલું છે. અણુ અખતરાનો ખતરો ટાળીને વિશ્વશાંતિ સ્થાપવા માટે પણ યુક્રેન યુધ્ધનું કોઈ સમાધાન નિકળે તે જરુરી છે. અમેરિકી પ્રમુખે ચુંટણી પ્રચારમાં યુક્રેન-રશિયા યુધ્ધના ઝડપી નિરાકરણનું વચન આપ્યું હતું પરંતુ સફળતા હાથ લાગી નથી. એક સમયે અણુ ધમકીઓને ન્યુકિલયર બ્લફમાં ખપાવવામાં આવતી હતી પરંતુ હવે અણુયુધ્ધ ફાટી ના નિકળે તે દિશામાં ગંભીરતાથી વિચારવાની જરુરિયાત છે.

સત્તાવાર રીતે ભારત અને પાકિસ્તાન સહિતના ૯ દેશો અણુ શસ્ત્રો ધરાવે છે પરંતુ વાસ્તવિક સંખ્યા અને ટેકનોલોજીનો પ્રસાર વધારે થયો હોય એ શકય છે. ઈરાન અને ઈઝરાયેલના ચાલુ યુધ્ધ દરમિયાન અમેરિકાએ ઈરાનના ફોર્ડો પરમાણુ પ્લાન્ટ પર હુમલો કરીને નુકસાન પહોંચાડયું હતું. ૨૫ જૂનના રોજ ઈરાન -ઈઝરાયેલ યુધ્ધતો ખતમ થયું પરંતુ અણુબોંબ તૈયાર કરવાની ઈરાનની મહત્વકાંક્ષા ખૂટી નથી. ઈઝરાયેલ પાસે ૯૦ જેટલા પરમાણુ બોંબ હોવાનું માનવામાં આવે છે. આરબ અને ઈઝરાયેલ વચ્ચેની ઐતિહાસિક દુશ્મની જોતા આરબ દેશો પણ અણુબોંબ માટે તલપાપડ રહે છે. આરબ દેશોમાં વિવિધ પ્રકારના ધર્માંધ અને કટ્ટરપંથી સંગઠનોની હાજરી અને સત્તા નજીકની પહોંચ જોતા અણુશકિત હોવી કેટલી જોખમી હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. પૂર્વ એશિયામાં ઉત્તર કોરિયાના મહત્વકાંક્ષી પરમાણુ હથિયાર કાર્યક્રમોને રોકવામાં અમેરિકા નિષ્ફળ ગયું છે. ટ્રમ્પ તેમના પ્રથમ કાર્યકાળમાં જૂન ૨૦૧૯માં દક્ષિણ કોરિયામાં વિસૈન્યીકૃત ક્ષેત્ર સીમાવર્તી ગામ પનમુનજોમમાં કિમ જોંગ ઉન સાથે હાથ મિલાવ્યો હતો. આ દરમિયાન નિઃશસ્ત્રીકરણ બાબતે કોઈ સહમતિ સધાઈ હોયતો પણ હજુ સુધી ધરાતલ પર ઉતરી નથી. ઉત્તર કોરિયા પાસે કમસેકમ ૫૦ જેટલા પરમાણુ બોંબ છે અથવા તો તે બનાવી શકે તેટલી ક્ષમતા ધરાવે છે. એક જ મગની બે ફાડ ગણાતા ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા ઐતિહાસિક કારણોસર કટ્ટર દુશ્મની ધરાવે છે. ઉત્તર કોરિયામાં છેલ્લા ૭૫ વર્ષથી કિમ પરિવારની તાનાશાહી ચાલે




છે. લાંબા સમયથી આર્થિક પ્રતિબંધોથી ઘેરાયેલું ઉત્તર કોરિયા દુનિયાથી લગભગ વિખૂટું પડી ગયેલું છે. પાડોશમાં મુકત મૂડીવાદી અર્થતંત્ર અને લોકતંત્ર ધરાવતા દક્ષિણ એશિયાનું અમેરિકા મોટું સહયોગી રહયું છે. કોરિયા દ્વીપમાં તણાવ ના વધે તે માટે અમેરિકા સર્તક રહે છે.

જો કે બદલાતી જતી પરિસ્થિતિમાં ખાસ તો ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટ જીદ્‌ના પગલે દક્ષિણ કોરિયાના લોકોને અમેરિકાની સુરક્ષા ગેરંટી પર પહેલા જેવો ભરોસો રહયો નથી.દક્ષિણ કોરિયામાં થયેલા સર્વેક્ષણો મુજબ બે તૃતિયાંશથી વધુ લોકો અમેરિકાથી સ્વતંત્ર થઈને પરમાણુ હથિયારો મેળવવાની વાતને ટેકો કરે છે. એક માહિતી મુજબ દક્ષિણ કોરિયા પાસે ૨૪ અણુ રિએકટર છે. અમેરિકા પછીની દુનિયામાં અસ્તિત્વ જાળવી રાખવા માટે પરમાણુ હથિયાર મેળવવા એજ માત્ર ઉપાય છે. દક્ષિણ કોરિયા અણુબોબ બનાવવા પ્રયાસ કરે તો જાપાને પણ ક્ષેત્રિય સમતુલન માટે અણુ કાર્યક્રમ ઝડપી બનાવ્યા વિના છુટકો રહેશે નહી.

જાપાન અણુબોંબની વિભિષિકાનો ભોગ બનેલો દુનિયાનો એક માત્ર દેશ છે. અણુ વિરોધી ચળવળો અને શાંતિ આંદોલનોની ભૂમિ રહી છે. જાપાન પાસે યુરેનિયમ સંવધર્ન યંત્ર છે. નવ ટન જેટલું પ્લુટોનિયમ અને ૧.૨ ટન સંવર્ધિત યુરેનિયમ પણ શામેલ છે. અણુનું વિભાજન થાય ત્યારે પ્રચંડ ગરમી અને રેડિયેશન પેદા થાય છે તેને અણુશકિત કે એટમિક એનર્જી કહેવામાં આવે છે. એક વાર પરમાણુ બોંબનો જીન બાટલીમાંથી બહાર આવશે તો તે કોઈના નિયંત્રણમાં રહેશે નહી.ટ્રમ્પની નીતિઓના કારણે યુરોપનો પણ અમેરિકા પરનો ભરોસો ઘટતો જાય છે. ફ્રાંસ અને બ્રિટન જેવા અણુક્ષમતા ધરાવતા દેશો જર્મની અને પોલેન્ડ જેવા દેશોને પરમાણુ પ્રતિરોધક ક્ષમતા પ્રદાન કરવાનો વિકલ્પ વિચાર કરી શકે છે. કાશ્મીરના પહેલગામના આંતકી હુમલા પછી ભારતે ગત મે મહિનામાં પાકિસ્તાન પર સૈન્ય કાર્યવાહી કરી હતી.પાકિસ્તાનની વિનંતીથી ભારતે યુધ્ધવિરામ કર્યો પરંતુ અણુક્ષમતા ધરાવતા બે દેશો પ્રથમવાર ટકરાયા હતા એ ભૂલવા જેવું નથી.૧૯૪૭માં થયેલા ભારતના ભાગલા પછી ભારતદ્વેષથી પીડાતું પાકિસ્તાન અણુબોંબની ઘેલછામાં જીવે છે. અણુશસ્ત્રો શો કેસમાં રાખવા બનાવ્યા નથી આવા બેજવાબદાર નિવેદનો પાકિસ્તાનના હુકમરાનો કરી ચુકયા છે. સ્વભાવિક રીતે જ આ પ્રકારની ગર્ભિત અણુ ધમકીનો ઈશારો ભારત તરફનો રહયો છે. સૌ જાણે છે કે અણુ આયુધોના સંરક્ષણ બાબતે પાકિસ્તાન સૌથી બેજવાબદાર દેશ ગણાય છે.કોઈ આતંકી સંગઠનના હાથમાં અણુબોંબ આવી જશે તો વિશ્વશાંતિને મોટો ખતરો ઉભો થવાનો છે. ભારત ૧૮૦ જયારે પાકિસ્તાન ૧૭૦ જેટલા અણુ શસ્ત્રો ધરાવે છે. ભારતનો પરમાણુ કાર્યક્રમ હંમેશા સંયમિત અને આત્મરક્ષણનો રહયો છે પરંતુ પાકિસ્તાન ખાનગી૧૯૪૫માં જાપાનના નાગાસાકી અને હિરોશિમા પર 'લિટલ બોય' અને 'ફેટમેન' નામના બે પરમાણુ બોંબ ઝીકવામાં આવ્યા ત્યારે તો પરમાણુ સંશોધન પ્રાથમિક તબક્કામાં હતા. બીજા વિશ્વયુધ્ધ પછી સોવિયત સંઘ (રશિયા) અને અમેરિકા વચ્ચેના શીતયુધ્ધની સાથે જ અણુ સંશોધનોમાં ગતિ આવી હતી. ૧૯૪૫થી અત્યાર સુધીમાં વિશ્વમાં ૨૦૦૦થી વધુ પરમાણુ પરીક્ષણ થયા છે જેમાં અમેરિકાના નામે ૧૦૩૨ અને રશિયાના નામે ૭૧૫ પરીક્ષણો છે. ૧૯૬૩માં મર્યાદિત પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ (એલએનટીટી) અસ્તિત્વમાં આવી હતી. જેમાં વાયુમંડળ, અંતરિક્ષ અને સમુદ્રમાં પરમાણુ પરીક્ષણ નહી કરવાનો સમાવેશ થતો હતો પરંતુ જમીન પર થતા પરીક્ષણોને છુટ આપવામાં આવી હતી. ૧૯૭૪માં થ્રેસહોલ્ડ ટેસ્ટ પ્રતિબંધ સંધિ (ટીટીબીટી) હેઠળ ૧૫૦ કિલોટનથી વધુ ક્ષમતા ધરાવતા પરીક્ષણો પર નહી કરવાની શરત હતી.શીતયુધ્ધ પછી ૧૯૯૪માં જિનેવામાં નિશસ્ત્રીકરણ અંગે સંમેલન ભરાયું હતું. ૧૯૯૬માં યુએન દ્વારા સીટીબીટી અંર્તગત તમામ પ્રકારના અણુ અખતરા પર પ્રતિબંધ લગાવ્યો હતો. સપ્ટેમ્બર ૧૯૯૬માં હસ્તાક્ષર માટે સંધી તૈયાર થઈ ત્યારે પરમાણુ પરીક્ષણ અટકાવવાની દિશામાં મોટી સિધ્ધિ માનવામાં આવતી હતી. આ સંધી પર ૧૮૭ દેશોએ હસ્તાક્ષર કરેલા છે અને ૧૭૮ દેશો દ્વારા અનુમોદન આપવામાં આવ્યું છે. જો કે આ સંધી ૪૪ વિશિષ્ટ દેશો દ્વારા મંજુરી ના મળે ત્યાં સુધી ઔપચારિક રીતે લાગુ કરી શકાય નહી. જેમાં જે આઠ દેશો હજુ સુધી સહી નથી કરી તેમાં ચીન, ભારત, ઉત્તર કોરિયા, ઈરાન, ઈજિપ્ત અને અમેરિકાનો સમાવેશ થાય છે. ભારતે એક ભેદભાવપૂર્ણ નિઃશસ્ત્રીકરણ નીતિ ગણીને વિરોધ કર્યો હતો. ભારતે પરમાણુ ધારી અને બિન પરમાણુધારી દેશો પર નો ફર્સ્ટ યુઝની નીતિનો હવાલો આપ્યો હતો. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (એસઆઈપીઆરઆઈ) અનુસાર રશિયા ૫૪૫૯, અમેરિકા ૫૧૭૭ અને ચીન ૬૦૦ જેટલા અણુબોંબ ધરાવે છે. અમેરિકા અણુ સંયમ છોડીને અણુધડાકા કરવા માંડે તો અમેરિકાનું મજબૂત હરિફ ગણાતું ચીન અને રશિયા પણ પાછળ રહેશે નહી. સત્તાવાર રીતે જોઈએ તો રશિયાએ ૧૯૯૦, અમેરિકાએ ૧૯૯૨ ચીને ૧૯૯૬ પછી ન્યુકલિયર ટેસ્ટ કર્યો નથી પરંતુ હવે પછીની જે અણુ હરિફાઈ પેદા થશે તે પહેલા કરતા વધુ ખતરનાક હશે. નિષ્ણાતોનું માનવું છે કે હવે લેબમાં માઈક્રો બેઝ પર એકસપેરિમેન્ટ કરીને ક્ષમતા જાણી શકાય છે. અણુ પરીક્ષણનો હેતું વૈજ્ઞાનિક કે ટેકનિકલ કરતા શકિત પ્રદર્શનનો રહી ગયો છે. હેરી એસ ટ્રુમેનને બાદ કરતા દરેક અમેરિકી રાષ્ટ્રપતિની નીતિ પરમાણુ હથિયારોના પ્રસારને સીમિત કરવાની રહી છે પરંતુ અત્યાર સુધી યુદ્ધ કરતા વેપાર અને ટેન્ક કરતા ટેરિફને મજબૂત ગણાતા ટ્રમ્પે હવે દુનિયાને અણુ રવાડે ચડાવી રહયા છે જે કમનસીબ બાબત છે.

# રાજામૌલીની 'ગ્લોબટ્રોટર'માં પ્રિયંકા ચોપરા બનશે મંદાકિની

## પ્રિયંકાએ સોશિયલ મીડિયા પર પોતાના પાત્રનું પોસ્ટર શેર કર્યું




એસએસ રાજમૌલીની પ્રિયંકા ચોપરા અને મહેશ બાબુ સાથેની ફિલ્મ વિશે અનેક ચર્ચાઓ પછી હવે ધીરે ધીરે તેની અપડેટ્સ આવવાની શરૂ થઈ છે. પહેલાં ફિલ્મના વિલન પૃથ્વી સુકુમારનનું પોસ્ટર લોંચ થયું, જેમાં તેના પાત્ર કુંભાનો પરિચય અપાયો. ત્યાર પછી હવે બુધવારે પ્રિયંકાનો ફર્સ્ટ લૂક જાહેર કરાયો છે. 'ગ્લોબટ્રોટર'માં તે મંદાકિનીના રોલમાં જોવા મળશે.

હાલ તો આ ફિલ્મને જીજીસ્મ્ર૯ કહેવાય છે, જેનાથી પ્રિયંકા ઈન્ડિયન સિનેમામાં પાછી ફરી રહી છે, આ કમબૅક પછી તેની પહેલી ફિલ્મ 'બાહુબલી' અને 'આરઆરઆર' જેવી જાણીતી ફિલ્મ આપનાર રાજામૌલી સાથે છે.

આ પહેલાં પોસ્ટરમાં પ્રિયંકા એક ધારદાર અને શક્તિશાળી રોલમાં જોવા મળે છે. તે મેથીપીળી સાડીમાં દેખાય છે, પગમાં કોલાપુરી ચપ્પલ છે પણ હાથમાં રિવોલ્વર લઈને જાણા હવામાં ઉડે છે અને જાણએ પહાડી વિસ્તારમાંથી જાણે પડકારોનો સામનો કરીને આગળ વધી રહી છે. આ પોસ્ટર શેર કરતાં પ્રિયંકાએ લખ્યું, "તે દેખાય છે, તેનાથી ઘણી વધુ છે..મળો મંદાકિનીને."

ગ્લોબટ્રોટર એ તાજેતરના વર્ષોની સૌથી મહત્વાકાંક્ષી ફિલ્મ મનાય છે. આ ફિલ્મ માટેની પ્રેરણા આફ્રિકન એડવેન્ચરમાંથી લેવાઈ હોવાની પણ ચર્ચા છે. અગાઉ રાજામૌલીએ ફિલ્મનો ફર્સ્ટ લૂક અને મહેશબાબુના ૫૦માં જન્મ દિવસે પોસ્ટર જાહેર કર્યું હતું. જેમાં ખુલ્લી છાતીનો ફોટો દેખાય છે, જેમાં ગળામાં લટકતી રુદ્રાક્ષની માળા સાથે ત્રિશૂલ અને નંદીનું પેન્ડન્ટ દેખાય છે. તેનાથી પણ ફિલ્મની વાર્તા અંગે ચર્ચાઓ અને ધારણાઓ શરૂ થઈ હતી. હવે મેકર્સે ૧૫ તારીખે રામોજી ફિલ્મ સિટીમાં ફિલ્મની લોંચ ઈવેન્ટન્ટનું આયોજન કર્યું હોવાની જાહેરાત કરી છે. આ સમગ્ર ઈવેન્ટનું જિઓ હોટસ્ટાર પર લાઈવ ટેલિકાસ્ટ પણ થશે. ત્યારે આ ફિલ્મ અંગે વધુ માહિતી મળવાની અપેક્ષા છે.

# કામિની કૌશલનું ૯૮ વર્ષની વયે અવસાન

## છેલ્લે 'કબીર સિંહ'માં જોવા મળેલાં હિન્દી સિનેમાના સૌથી વૃદ્ધ એક્ટ્રેસ, દિલીપ કુમારનાં પહેલાં ગર્લફ્રેન્ડ; લવ લાઈફ પણ ફિલ્મી



હિન્દી સિનેમાનાં પ્રખ્યાત એક્ટ્રેસ કામિની કૌશલનું આજે ૯૮ વર્ષની વયે અવસાન થયું. કામિની કૌશલ હિન્દી સિનેમાનાં સૌથી વૃદ્ધ એક્ટ્રેસમાંનાં એક હતાં. તેઓ છેલ્લે શાહિદ કપૂર અને કિયારા અડવાણી અભિનિત ફિલ્મ 'કબીર સિંહ'માં જોવા મળ્યાં હતાં. તેમણે આ ફિલ્મમાં શાહિદ કપૂરની દાદીની ભૂમિકા ભજવી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, કામિની કૌશલના પરિવારે ગોપનીયતાની માગણી કરી છે.

કામિની કૌશલનો જન્મ ૧૬ જાન્યુઆરી, ૧૯૨૭ના રોજ લાહોરમાં થયો હતો. તેમણે ફિલ્મ કારકિર્દી દરમિયાન 'દો ભાઈ', 'શહીદ', 'નદી કે પાર', 'જિદ્દી', 'શબનમ', 'પારસ', 'ઉપકાર', 'પૂરબ ઔર પશ્ચિમ', 'રોટી, કપડાં ઔર મકાન' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. કામિની કૌશલ એવાં એક્ટ્રેસ હતાં, જેમની લવ લાઈફ એક સમયે ચર્ચામાં હતી. હકીકતમાં તેઓ સુપરસ્ટાર દિલીપ કુમારનાં પહેલાં ગર્લફ્રેન્ડ હતાં. તેમનો પ્રેમ ૧૯૪૮ની ફિલ્મ શહીદના સેટ પર શરૂ થયો હતો. તેમણે તેમના લગ્નનું પ્લાનિંગ પણ શરૂ કરી દીધું હતું.કામિની જ્યારે દિલીપને ડેટ કરતાં હતાં ત્યારે તેમના લગ્ન થયા હતા. રસપ્રદ વાત એ છે કે તેમણે જે પુરુષ સાથે લગ્ન કર્યા હતા તે તેમની મોટી બહેનના પતિ હતા. કામિનીના બહેનનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું અને તેમનું એક બાળક પણ હતું અને પરિવારના દબાણ હેઠળ કામિનીએ તેમના જીજાજી બી.એસ. સૂદ સાથે લગ્ન કર્યા.

જ્યારે કામિનીના ભાઈને ખબર પડી કે તેમની પરિણીત બહેન દિલીપ કુમારને ડેટ કરી રહ્યાં છે, ત્યારે તેઓ ગુસ્સે થઈ ગયા. તેમણે દિલીપ કુમારને કામિની સાથેના સંબંધો તોડી નાખવાની ધમકી આપી. દરમિયાન કામિની તેમના પરિવાર વિરુદ્ધ જઈ શકી નહીં.

૨૦૧૪માં એક ગ્લેમર મેગેઝિન સાથે વાત કરતાં કામિનીએ કહ્યું હતું કે તેમણે (દિલીપ સાહેબ) પોતાની બાયોગ્રાફીમાં લખ્યું છે કે મારાથી અલગ થયા પછી તેઓ તૂટી ગયા હતા, પરંતુ સત્ય એ છે કે અમે બંને તૂટી ગયાં હતાં. અમે એકબીજાથી ખૂબ ખુશ હતાં, પણ હું શું કરી શકું? હું કોઈને (મારા પતિને) દગો ન આપી શકું એમ કહીને કે બસ થઈ ગયું, હું જઈ રહી છું. હું મારી સ્વર્ગસ્થ બહેનનો સામનો કેવી રીતે કરી શકું? મારા પતિ ખૂબ જ સારી વ્યક્તિ છે. તેઓ સમજી ગયા હતા કે આવું કેમ થયું. કોઈપણ પ્રેમમાં પડી શકે છે.

વર્ષો પછી દિલીપ કુમાર અને કામિની કૌશલ ૨૦૧૩માં સ્વર્ગસ્થ એક્ટર પ્રાણના અંતિમસંસ્કારમાં ફરી મળ્યા. દિલીપ કુમાર તેમનાં પત્ની સાયરા સાથે પહોંચ્યા. તેમની ખુરસી કામિની કૌશલના અંતિમસંસ્કારની બાજુમાં જ મૂકવામાં આવી હતી. એ સમયે દિલીપ કુમાર ૯૦ વર્ષના હતા અને કામિની ૮૬ વર્ષનાં હતાં, જોકે દિલીપ કુમાર કામિનીને ઓળખી શક્યા નહીં.

૨૦૧૪માં એક ઈન્ટરવ્યૂ દરમિયાન કામિનીએ કહ્યું હતું કે જ્યારે દિલીપ સાહેબે મને બ્લેક લુક આપ્યો ત્યારે મારું દિલ તૂટી ગયું. ખરેખર એ સમયે તેમને કોઈને ઓળખવામાં મુશ્કેલી પડી રહી હતી. આ જોઈને મને ખૂબ જ દુઃખ થયું અને હું ત્યાંથી ચાલી ગઈ.

# રવીના ટંડન પીએમ મોદીના માતા હીરાબાનો રોલ કરશે

## 'મા વંદે'માં અમદાવાદી ઉન્ની મુકુંદન નરેન્દ્ર મોદીનો રોલ કરશે



પીએમ મોદી પર વધુ એક બાયોપિક બની રહી છે, જેમાં રવીના ટંડન પીએમ મોદીના માતા હીરાબેન મોદીનો રોલ કરશે. આ એકથી વધુ ભાષાઓમાં બની રહેલી 'મા વંદે' ફિલ્મમાં અમદાવાદી છોકરો અને 'માર્કો' જેવી મલયાલમ ફિલ્મનો સ્ટાર ઉન્ની મુકુંદન પીએમ મોદીનો રોલ કરશે. ૧૭ સપ્ટેમ્બરે પીએમ મોદીના જન્મ દિવસે તેણે આ ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મ ક્રાંતિ કુમાર ચ. ડિરેક્ટ કરશે અને સિલ્વર કાસ્ટ ક્રિએશનના વીર રેડ્ડી આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે.

આ ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર રવીના ટંડનને હીરાબાનો રોલ કરવા માટે પસંદ કરવામાં આવી છે. શક્તિ, ઊંડાણ અને અનેક સ્તરો સાથેના પાત્ર માટે મેકર્સને રવીને ટંડન યોગ્ય લાગી છે. હિરાબાની સ્ટોરીમાં "બાળપણમાં જ પોતાની માતા ગુવામી દેવી..શાંતિ અને દૃઢ મનોબળથી તેમણે કઈ રીતે પરિવારનો ઉછેર કર્યો" જેવી બાબતોએ રવીનાને આ રોલ કરવા માટે આકર્ષિત કરી હતી.સુત્રએ આગળ જણાવ્યું, "મા વંદે એક એવી ફિલ્મ છે, જે ખાસ એક માતા અને દિકરાના સંબંધ પર જ આધારીત છે. આ ફિલ્મમાં મોટા ભાગે બલિદાન, દૃઢ નિશ્ચય અને તેમણે દિકરાનું જીવન બહેતર બનાવવા માટે આપેલું પ્રદાન જેવી ઘટનાઓ દર્શાવાશે. રવીના ટંડન આ બાબતથી ઘણા પ્રભાવિત થયા અને તે ફિલ્મનો ભાગ બનશે."આ ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં રવીના ટંડન પોતાનાં રોલ માટે બિલકુલ નવું સ્વરૂપ ધારણ કરી લેશે, આ ફિલ્મનું પ્રોડક્શન મોટા પાયે કરવામાં આવશે, જેમાં એડવાન્સ વીએફએક્સ ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. એક પ્રભાવશાળી વ્યક્તિના પારિવારિક મૂળ અને રાષ્ટ્રીય નેતાને ઘડવામાં માતાની મહત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરીને, મા વંદે બાયોપિક શૈલીમાં તેમનાં જીવનની ઓછી જાણીતી ઘટનાઓ અને બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રવીના ટંડનના મજબુત અભિનય સાથે, આ ફિલ્મ ભાવનાત્મક વાત રજૂ કરશે એવો અંદાજ છે.

# ગાયિકા પલક મુછાલને ગિનેસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં સ્થાન મળ્યું



## લિમકા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં પણ આ પહેલાં તેને સ્થાન મળી ચૂક્યું છે

ગાયિકા પલ મુછાલને ગિનેસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝ અને લિમકા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝમાં સ્થાન મળ્યું છે, એ પણ તેની ગાયકી માટે નહીં પરંતુ તેના સેવાકાર્યો માટે મળ્યું છે. તે પોતાના મીઠા મધુર અવાજ માટે જાણીતી છે, બોલિવૂડમાં તેના અનેક જાણીતા ગીતો પણ છે, પરંતુ તે હોસ્પિટલમાં ગંભીર સ્થિતિમાં સારવાર લઈ રહેલા લોકોના જીવ બચાવવા માટે પણ જાણીતી છે.

તેણે પોતાના ભાઈ પલાશ સાથે મળીને પલક પલાશ ચેરિટેબલ ફાઉન્ડેશનની સ્થાપના કરી છે, જેના દ્વારા તેણે સમગ્ર દેશમાં લગભગ ૩૮૦૦ જરૂરિયાતમંદ બાળકોને હાર્ટ સર્જરી કરાવવામાં મદદ કરી છે. તેના કોન્સર્ટ્સમાંથી થતી આવતકમાંથી મોટો હિસ્સો સીધો જ આ બાળકોની સારવારમાં જાય છે, તેનું સંગીત માત્ર લોકપ્રિયતા મેળવવવા કે અમીર થવા માટે નહીં પણ અન્યોને મદદ કરવામાં કામ આવે છે.

પલકનો જન્મ ઈંદોરમાં થયો છે અને એક વખત ટ્રેનમાં સફર દરમિયાન તેણે કેટલાંક ગરીબ બાળકોને, ભુખ્યા, ખુલ્લા પગે ફરતા અને જીવવા માટે સંઘર્ષ કરતા જોયા. તેની પલકના મન પર ઉંડી અસર થઈ. તેણે આ જોઈને પોતાની જાતને વચન આપ્યું હતું કે, "એક દિવસ, હું આવા બાળકોને મદદ કરીશ."

તેનાં વર્ષો પછી હવે તે આ વાતને સાચી સાબિક કરી રહી છે. તેણે દેશ અને વિદેશમાં કોન્સર્ટનું આયોજન શરુ કર્યું, જેથી તે ગરીબ બાળકોની હાર્ટ સર્જરી કરાવી શકે. માત્ર ૨૦૧૩માં જ તેણે ૫૭૨ બાળકોને ૨.૫ કરોડની મદદ કરી હતી. આમ તેણે ગાયેલાં દરેક ગીત માટે તેણે ગરીબ બાળકોના જીવ બચાવ્યા છે. તેના આ કાર્યો બદલ તેને વિશ્વકક્ષાએ નામના મળી છે. તેણે ગુજરાતમાં ભુકંપ વખતે પણ ૧૦ લાખનું દાન કર્યું હતું, તેણે કારગિલ યુદ્ધના શહીદોના પરીવારોને પણ મદદ કરી છે. તેઓ માને છે કે કોઈ કોન્સર્ટ કે શો ન હોય તો પણ બાળકોની સર્જરી નહીં અટકે.


# '૧૨૦ બહાદુર'ની ટીમે રેઝંગલાના માનમાં 'માય સ્ટેમ્પ' લોન્ચ કરી

## ૧૯૬૨ના યૂદ્ધની ૬૩મી એનિવર્સરી નિમિત્તે રક્ષામંત્રી રાજનાથસિંહની હાજરીમાં ટિકિટ લોન્ચ થઈ

ભારતીય સેનાની હિંમત અને બલિદાનને એક હૃદયસ્પર્શી અંજલિ આપવા માટે ફરહાન અક્તરની આવનારી ફિલ્મ '૧૨૦ બહાદુર'ની ટીમ દ્વારા ખાસ બનાવાયેલી 'માય સ્ટેમ્પ' લોંચ કરવામાં આવી છે, જે રેઝંગ લા વૉર મેમોરીયલને સમર્પિત છે. આ સ્ટેમ્પ નવી દિલ્હીમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા લોંચ કરવામાં આવી છે, જે ભારતીય સેનાના હિરોએ લડેલી ૧૩મી બટાલિયન, કુમાઓં રેજિમેન્ટની આતિહાસિક રેઝંગ લાની લડતમાં વીરતાને સમર્પિત છે.

લદ્દાખના ચુશુલમાં આવેલું, રેઝાંગ લા યુદ્ધ સ્મારક ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધમાં સર્વોચ્ચ બલિદાન આપનારા સૈનિકોની અદમ્ય ભાવનાને એક ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ તરીકે ઉભું કરાયું છે. નવી અનાવરણ કરાયેલી ટપાલ ટિકિટ આ વારસાને દર્શાવે છે - તેમની અજોડ હિંમતની ઉજવણી કરે છે અને ખાતરી કરે છે કે તેમના વીર કાર્યો આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે. '૧૨૦ બહાદુર'માં પરમવીર ચક્ર પ્રાપ્ત મેજર શૈતાનસિંહની અનોખી વાત પર આધારીત છે. આ પાત્ર ફરહાન અખ્તર ભજવે છે, આ ફિલ્મમાં તેમનાં નેતૃત્વ, અડગ બહાદુરીની વાત કરવામાં આવી છે, જે દેશના પ્રતિકૂળ ભૌગોલિક સ્થિતિમાં સેનાની બહાદુરીની ક્ષણો દર્શાવે છે.

આ ફિલ્મ રઝનીશ રેઝી ઘાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને રિતેશ સિદ્ધવાની તેમજ ફરહાન અખ્તરના એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ અને અમિત ચંદ્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. '૧૨૦ બહાદુર' ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે, તેની ટૅગલાઈન 'હમ પીછે નહી હટેંગે' છે.



# વૈભવ સૂર્યવંશીએ ૧૫ છગ્ગા સાથે ૩૨ બોલમાં સદી ફટકારી

## ઈર્મજિંગ એશિયા કપમાં UAE સામે ૧૪૪ રન બનાવ્યા

દોહા : ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ઈર્મજિંગ એશિયા કપમાં ૩૨ બોલમાં સદી ફટકારી હતી. ભારત છ વતી રમતા તેણે યુએઈ સામે ૪૨ બોલમાં ૧૪૪ રન બનાવ્યા હતા. શુક્રવારે દોહામાં ભારત છ એ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૨૯૭ રન બનાવ્યા હતા. છઈ ફક્ત ૧૪૯ રન જ બનાવી શક્યું હતું.

વૈભવે ૧૫ છગ્ગા ફટકાર્યા વેસ્ટ એન્ડ પાર્ક ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરી રહેલી ઈન્ડિયા એ ટીમે બીજી ઓવરમાં એક વિકેટ ગુમાવી દીધી. પ્રિયાંશ આર્ય ૬ બોલમાં ૧૦ રન બનાવીને રન આઉટ થયો. નમન ધીર ત્રીજા નંબરે ઈનિંગમાં આવ્યો. તેણે એક છેડે ટકી રહી, જ્યારે વૈભવે બીજા છેડે ૩૨ બોલમાં પોતાની સદી પૂરી કરી.નમન ૧૨મી ઓવરમાં ૩૪ રન (૨૩ બોલ) બનાવીને આઉટ થયો. તેણે ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. નમનના આઉટ થયા પછી કેપ્ટન જીતેશ શર્માએ બાજી સંભાળી, પરંતુ બીજા છેડે વૈભવ ૧૪૪ રન બનાવીને આઉટ થયો. તેણે પોતાની ઈનિંગમાં ૧૧ ચોગ્ગા અને ૧૫ છગ્ગા ફટકાર્યા.ભારતે ૧૬ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૩૫ રન બનાવ્યા હતા. નેહલ વાઢેરા ૧૪ રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ કેપ્ટન જીતેશે રમનદીપ સિંહ સાથે મળીને સ્કોર ૩૦૦ની નજીક પહોંચાડ્યો. જીતેશે ૩૨ બોલમાં ૮૩ રન બનાવ્યા. રમનદીપ ૬ રન બનાવી અણનમ રહ્યો.૨૯૮ રનના વિશાળ લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી યુએઈની ટીમના સોહેબ ખાન એકમાત્ર ખેલાડી હતા જેમણે અડધી સદી ફટકારી હતી. તેમણે ૪૧ બોલમાં ૬૩ રન બનાવ્યા હતા.મોહમ્મદ અરફાને ૨૬, સૈયદ હૈદરે ૨૦ અને મયંક કુમારે ૧૮ રન બનાવ્યા હતા. અન્ય કોઈ ખેલાડી ૫ રનનો આંકડો પણ પાર કરી શક્યો ન હતો. ટીમ ૭ વિકેટ ગુમાવીને માત્ર ૧૪૯ રન જ બનાવી શકી હતી.ભારત અ વતી ગુર્જપનીત સિંહે ૧૮ રન આપીને ૩ વિકેટ લીધી. ડાબોડી સ્પિનર હર્ષ દુબેએ ૨ વિકેટ લીધી.

# જ્યારે દ્રવિડ એલન ડોનાલ્ડ પર ગુસ્સે થયો



**નવી દિલ્હી , તા. ૧૫**

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન રાહુલ દ્રવિડ તેના સરળ અને શાંત સ્વભાવ માટે જાણીતા છે. દ્રવિડને એક ક્રિકેટર અને કોચ તરીકે યાદ કરવામાં આવે છે જેમણે પોતાની ફરજો ખૂબ જ સાદગીથી બજાવી હતી. તેને તેની કારકિર્દીમાં માત્ર થોડી વાર જ ગુસ્સો ગુમાવતો જોવા મળ્યો છે. દ્રવિડ એક વખત દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર એલન ડોનાલ્ડ પર ગુસ્સે થયો હતો, જેના કારણે ડોનાલ્ડને માફી માંગવાની ફરજ પડી હતી. જોકે, દ્રવિડે ત્યારબાદ ડોનાલ્ડની જાહેર માફી સ્વીકારી લીધી. મેદાન પર થયેલી ઝઘડાનો અંત રાત્રિભોજન સાથે થયો. માફી સાથે, ડોનાલ્ડે બિલ ચૂકવવાનું વચન આપ્યું. આ ઘટના ૧૯૯૭ માં બની હતી, જ્યારે દ્રવિડ એક દિવસીય મેચ દરમિયાન ડોનાલ્ડની ઝડપી બોલિંગ અને સ્લેજિંગનો નિશાનો બન્યો હતો. ૧૯૯૭ માં ડરબનમાં રમાયેલી મેચ દરમિયાન, દ્રવિડ ઉત્તમ ફોર્મમાં હતો અને બોલરોને ફટકારી રહ્યો હતો. ત્યારબાદ દ્રવિડે ડોનાલ્ડને છગ્ગો ફટકાર્યો, જેનાથી ડોનાલ્ડ ગુસ્સે થયો અને ઝઘડો થયો. તેનાથી દ્રવિડ ગુસ્સે થયો.

આ અંગે, ડોનાલ્ડે ૨૦૨૨ માં કહ્યું હતું કે, "ડરબનમાં એક ખરાબ ઘટના બની હતી જેના વિશે હું વાત કરવા માંગતો નથી. દ્રવિડ અને સચિન અમને બધી જગ્યાએ મારતા હતા. મેં એવું કંઈક કર્યું જેનાથી રમતની ભાવનાને ઠેસ પહોંચી. મને દ્રવિડ પ્રત્યે ખૂબ માન છે. હું બહાર જઈને તેને મળવા માંગતો હતો અને તે દિવસે જે બન્યું તેના માટે ફરીથી માફી માંગવા માંગતો હતો."

# કોલકતામાં ટેસ્ટ મેચને બદલે આઈપીએલ રણનીતિની વધુ ચર્ચા



**કોલકાતા:** કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં શુક્રવારે (સવારે ૯.૩૦ વાગ્યાથી) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ શરૂ છે, પરંતુ આ શહેરમાં આ ટેસ્ટ મેચ કરતાં આગામી આઈપીએલની વધુ ચર્ચા છે જેનું કારણ એ છે કે આઈપીએલમાં ખેલાડીઓની અદલાબદલી કરવા સંબંધિત ટ્રેડિંગ વિન્ડો માટેની મુદત થંભી જવાનો સમય નજીક આવી રહ્યો છે.

તેમજ અબુ ધાબીમાં ૧૬મી ડિસેમ્બરે યોજાનારા આઈપીએલના પ્લેયર્સ-ઑક્શનને પણ હવે બહુ દિવસો બાકી નથી એટલે પશ્ચિમ બંગાળના આ પાટનગરમાં ટેસ્ટ પર આઈપીએલને લગતી દોડધામ હાવી થઈ ગઈ છે.

વાત એમ છે કે, ૨૦૨૬ની આઈપીએલના તમામ ફ્રેન્ચાઈઝીઓના માલિકો પોતાની રણનીતિ અત્યારથી તૈયાર કરવામાં વ્યસ્ત છે. હવે તો ખેલાડીઓની હરાજીની તારીખ અને સ્થળ પણ નક્કી થઈ ગયા છે.

એટલે ખેલાડીઓની અદલાબદલી કરવા માટે, કયા ખેલાડીઓને રિલીઝ કરવા તથા તેમને રીટેન કરવા તેમ જ હરાજીમાં કોના પર ખાસ નજર રાખવી એ સંબંધમાં ટીમોના માલિકોની ચર્ચા-વિચારણા વધી ગઈ છે એટલે ભારત-દક્ષિણ આફ્રિકા ટેસ્ટની ચર્ચા થોડી ઝાંખી પડી ગઈ છે.

લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)નું વડું મથક કોલકાતામાં જ છે અને એના માલિક સંજીવ ગોયેન્કા તેમ જ કેપ્ટન રિષભ પંત અને ટોમ મૂડી, ભરત અણ, જસ્ટિન લેન્ગર સહિતનું ટીમ મેનેજમેન્ટ આગામી આઈપીએલ માટેની રણનીતિ તૈયાર કરી રહેલા જણાયા છે. તેમની મીટિંગ અહીં કોલકાતામાં એલએસજીના હેડ ક્વોર્ટરમાં થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

રાજસ્થાન રોયલ્સના ફ્રેન્ચાઈઝીના માલિક મનોજ બદાલે લંડનમાં રહે છે, પરંતુ તેઓ કોલકાતામાં આઈટીસી સોનાર બાંગ્લા હોટેલમાં બે દિવસથી રવીન્દ્ર જાડેજા સાથે મીટિંગ કરી રહ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આવનારા દિવસોમાં પોતાની ટીમનું કોમ્બિનેશન કેવું રહેશે એને લઈને તમામ ફ્રેન્ચાઈઝીઓ વ્યૂહરચના બનાવી રહ્યા છે.

# શમીને સમાવવા માટે સનરાઇઝર્સ હૈદરાબાદ સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યું છે



**નવી દિલ્હી ,** લખનૌ સુપર જાયન્ટ્સ IPL ૨૦ માટે સનરાઈઝર્સ હૈદરાબાદના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીને ખરીદી શકે છે. શમીના સમાવેશના બદલામાં સુપર જાયન્ટ્સ ?૧૦ કરોડ (આશરે $૧.૫ બિલિયન) ચૂકવશે, કારણ કે સનરાઈઝર્સે તેને અગાઉની હરાજીમાં સમાન રકમમાં ખરીદ્યો હતો. એવું માનવામાં આવે છે કે બંને ટીમો આ કરાર માટે તૈયાર છે, ફક્ત શમીની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

માર્ચ ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી ફાઇનલ પછી શમી ભારતીય ટીમમાં સ્થાન મેળવી શક્યો નથી. તેથી, તેનું લક્ષ્ય IPLમાં સારું પ્રદર્શન કરવાનું રહેશે. છેલ્લી IPLમાં તેનું પ્રદર્શન નબળું રહ્યું હતું, તેણે નવ ઈનિંગ્સમાં ૧૦.૩ ના ઈકોનોમી રેટથી માત્ર પાંચ વિકેટ લીધી હતી. આ પછી, તેને ઇંગ્લેન્ડ પ્રવાસમાં પણ સામેલ કરવામાં આવ્યો ન હતો. શમી IPL ૨૦૨૨ થી ૨૦૨૪ સુધી ગુજરાત ટાઇટન્સનો ભાગ હતો. તેણે IPL ૨૦૨૨ અને ૨૦૨૩ માં બોલિંગ કરેલી પ્રથમ છ ઓવરમાં ૨૮ વિકેટ લીધી હતી. ઈજાને કારણે શમી ૨૦૨૪ સીઝન ગુમાવી શક્યો હતો.

શમી તેની ફિટનેસ, લય અને ગતિ સાથે સંઘર્ષ કરી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે આ જ કારણ છે કે સનરાઈઝર્સ હૈદરાબાદ તેને રિટેન કરવામાં અનિચ્છા ધરાવે છે. કોચ ડેનિયલ વેટોરી ટ્રેડ ઓફર મેળવતા પહેલા તેના નામની ચર્ચા કરી રહ્યા છે. સુપરજાયન્ટ્સમાં જોડાયા પછી, શમી ફ્રેન્ચાઇઝના ટેલેન્ટ ડેવલપમેન્ટના વડા ભરત અરુણ સાથે જોડાશે.

# રિલાયન્સ G1 ગુજરાતના ધ્રુવ પટેલે ઇનિંગ્સની દસેય વિકેટ ખેરવી

**અમદાવાદ,** વડોદરા ખાતે યોજાયેલી રિલાયન્સ ૪૧ અંડર-૧૬ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતના બોલર ધ્રુવ પટેલે સૌરાષ્ટ્ર સામેની મેચમાં ઈનિંગ્સની તમામ દસ વિકેટ ઝડપીને તરખાટ મચાવ્યો હતો. વડોદરાના ડી એન હોલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી આ મેચમાં ગુજરાતની અંડર-૧૬ ટીમનો ૭૭ રનથી વિજય થયો હતો. આ સાથે ગુજરાતની ટીમે ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો.

લેફ્ટ આર્મ સ્પિનર ધ્રુવ પટેલે સૌરાષ્ટ્રની પ્રથમ ઈનિંગ્સમાં ૨૦ રન આપીને પાંચ વિકેટ ખેરવી હતી અને ત્યાર બાદ બીજી ઈનિંગ્સમાં ૪૨ રન આપીને સૌરાષ્ટ્રની તમામ દસ વિકેટ ઝડપીને તરખાટ મચાવ્યો હતો. આમ તેણે મેચમાં ૬૨ રનમાં ૧૫ વિકેટ ઝડપી હતી.

સ્કોર: ગુજરાત અંડર-૧૬ : ૧૩૪ (જયર્દનસિંઘ ૩૦, શૌર્ય પ્રજાપતિ ૨૩, જાનવ પટેલ ૨૨, નેવિલ ડાંગર ૧૮ રનમાં ચાર વિકેટ, લવ નિમાવત ૨૪ રનમાં ત્રણ વિકેટ) અને ૧૦૬ (દિપાંશુ ગુપ્તા ૨૫, મહર્ષિ વાઘેલા ૩૪ રનમાં પાંચ વિકેટ, શ્રીરાજ બાંભણીયા ૪૧ રનમાં પાંચ વિકેટ).

સૌરાષ્ટ્ર અંડર-૧૬ : ૫૩ (ધ્રુવ પટેલ ૨૦ રનમાં પાંચ વિકેટ, સ્વપ્ન પટેલ ૨૧ રનમાં ચાર વિકેટ) અને ૧૧૦ (હર્ષવર્દન તન્ના ૨૪, ધ્રુવ પટેલ ૪૨ રનમાં દસ વિકેટ).







## ચોગ્ગો માર્યા પછી કેપ્ટન ગિલ રિટાયર્ડ હર્ટ થયો:પેવેલિયન પરત ફર્યો

# રિષભ પંત બેટિંગમાં આવ્યો; સુંદર પછી કેએલ રાહુલ પણ આઉટ

ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થવાને કારણે મેદાનમાંથી બહાર જતો રહ્યો છે. વોશિંગ્ટનના આઉટ થયા પછી ગિલ ક્રિઝ પર ઉતર્યો હતો.

**નવી દિલ્હી, તા. ૧૫**

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે પહેલી ટેસ્ટ કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. બીજા દિવસનો પહેલો સેશન ચાલુ છે. પહેલી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાએ ૧૦૯/૩ રન બનાવ્યા છે. ટીમ તરફથી રિષભ પંત અને રવીન્દ્ર જાડેજા ક્રિઝ પર છે.

ચોગ્ગો માર્યા પછી કેપ્ટન ગિલ રિટાયર્ડ હર્ટ થયો છે. તેની જગ્યાએ પછી પંત બેટિંગમાં આવ્યો. તો વોશિંગ્ટન સુંદર ૨૯ રન બનાવીને આઉટ થયો.

આ પહેલાં, શુક્રવારે સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી, પરંતુ ટીમ ૧૫૯ રન બનાવીને જ સમેટાઈ ગઈ. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ૫ વિકેટ લીધી.

ભારતીય ટીમને કે.એલ. રાહુલના રૂપમાં ત્રીજો ઝટકો લાગ્યો છે. રાહુલ કેશવ મહારાજના બોલ પર સ્લિપમાં કેચ આપી બેઠો. રાહુલ ૧૧૯ બોલમાં ૪ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૩૯ રન બનાવીને આઉટ થયો.

ભારતીય ટીમનો કેપ્ટન શુભમન ગિલ ઈજાગ્રસ્ત થવાને કારણે મેદાનમાંથી બહાર જતો રહ્યો છે. વોશિંગ્ટનના આઉટ થયા પછી ગિલ ક્રિઝ પર ઉતર્યો હતો. તેણે મેદાન પર આવતા જ સાયમન હાર્મરના બોલ પર ચોગ્ગા સાથે ખાતું ખોલ્યું, પરંતુ તેની ગરદનમાં દુખાવો થવા લાગ્યો. તે પછી ફિઝિયો મેદાન પર આવ્યા અને ગિલ તેમની સાથે મેદાનની બહાર જતો રહ્યો.

ભારતને સાયમન હાર્મરે વોશિંગ્ટન સુંદરના રૂપમાં બીજો ઝટકો આપ્યો છે. સુંદર ૮૨ બોલમાં ૨૯ રન બનાવીને આઉટ થયો. આની સાથે જ સુંદર અને રાહુલ વચ્ચે બીજી વિકેટ માટેની ૫૭ રનની ભાગીદારી તૂટી ગઈ.

કે.એલ. રાહુલ અને વોશિંગ્ટન સુંદર વચ્ચે બીજી વિકેટ માટે ફિફ્ટીની ભાગીદારી પૂરી થઈ ગઈ છે. ભારતે સાઉથ આફ્રિકા સામે પહેલા ટેસ્ટ મેચની પહેલી ઈનિંગ્સમાં એક વિકેટે ૬૮ રન બનાવી લીધા છે.

કોલકાતા ટેસ્ટના બીજા દિવસની રમત શરૂ થઈ ગઈ છે. ભારતે ૩૭૧/૧ના સ્કોરથી પોતાની ઈનિંગ્સને આગળ વધારી. ભારત તરફથી કેએલ રાહુલ અને વોશિંગ્ટન સુંદર ક્રિઝ પર છે. બંને આજે ઈનિંગ્સને આગળ વધારશે.

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટેસ્ટનો બીજો દિવસ આજે સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે. શુક્રવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમ ખાતે સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેઓ ૧૫૯ રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. ભારતના જસપ્રીત બુમરાહે પાંચ વિકેટ લીધી હતી



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી

તથા

## જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

માનનીય વડાપ્રધાન

**શ્રી નરેન્દ્ર મોદીના**

વરદ્હસ્તે

**₹૯,૭૦૦ કરોડ**થી વધુના વિકાસ પ્રકલ્પોનાં

**લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ અતિથિ

**શ્રી નરેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, ગુજરાત

**શ્રી મનસુખભાઈ વસાવા**
માનનીય સંસદસભ્ય, ગુજરાત

**ડૉ. જયરામભાઈ ગામિત**
માનનીય રા.ક. મંત્રી, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, ગુજરાત

**તારીખ:** ૧૫-૧૧-૨૦૨૫ | **સમય:** બપોરે ૨ વાગે | **સ્થળ:** ડેડીયાપાડા, જિલ્લો: નર્મદા

રાજ્યના ૨૩ આદિજાતિ તાલુકાઓમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ

## હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકાર આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત